**આજનો સુવિચાર**

હજારો લાખો નિરાશામાં એક અમર આશા છૂપાયેલી હોય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૬૩ જૂનાગઢ તા. ૧૩-૧૦-૨૦૨૨ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## હિજાબ પ્રતિબંધ ઉપર ચુકાદો : ડિવિઝન બેંચના બંન્ને જજના મત અલગ, હવે SC ની મોટી બેંચ કરશે નિર્ણય

નવી દિલ્લી તા.૧૩

શૈક્ષણિક સંસ્થાઓમાં હિજાબ ઉપર પ્રતિબંધ મૂકવાના કર્ણાટક હાઈકોર્ટના નિર્ણય ઉપર સુપ્રીમ કોર્ટ આજે ચુકાદો આપ્યો છે. જસ્ટિસ હેમંત ગુપ્તા અને સુધાંશુ ધુલિયાની ડિવિઝન બેંચ ૧૩ ઓકટોબરે આ મામલે આજે પોતાનો ચુકાદો જાહેર કર્યો હતો. શિક્ષણ સંસ્થાનોમાં હિજાબ ઉપર પ્રતિબંધના મામલે સુપ્રીમ કોર્ટમાં આજે ચુકાદો આપવામાં આવ્યો હતો. હિજાબ કેસમાં સુપ્રીમ કોર્ટનાં બંન્ને જજોનો મત અલગ અલગ હતો જે સંવિધાનિકપીઠને મોકલવામાંઆવી શકે છે. જસ્ટિસ ગુપ્તાએ પ્રતિબંધનો વિરોધ કરતીઅરજીને ફગાવી દીધી. બીજી તરફ જસ્ટિસ સુધાંશુ ધુલિયાનો નિર્ણય હિજાબ ઉપર પ્રતિબંધના પક્ષમાં છે. બંન્ને જજોનો નિર્ણય એકબીજાથી સાવ અલગ અલગ છે. હિજાબ ઉપર પ્રતિબંધનો મામલો સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સમક્ષ સોંપી દેવાયો છે. જે અંતર્ગત હવે આ મામલો સુપ્રીમ કોર્ટની મોટી બેંચ સમક્ષ સોંપી દેવામાં આવ્યો છે. હવે ત્રણ જજોની બેંચ હિજાબ કેસ અંગે નિર્ણય આપશે. બે જજોની બેંચ વચ્ચે આ મામલે મતમતાંતર સામે આવતા હવે સુપ્રીમ કોર્ટની મોટી બેંચને આ મામલો ટ્રાન્સફર કરી દેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છેકે, આ પહેલા સુપ્રીમ કોર્ટે હિજાબ કેસમાં કર્ણાટક હાઈકોર્ટના નિર્ણયને પડકારતી વિવિધ અરજીઓ ઉપર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ કેસમાં ૨૧ વકીલો વચ્ચે દસ દિવસ સુધી દલીલો ચાલી હતી. શિક્ષણ સંસ્થાનોમાં હિજાબ યથાવત રહેશે કે નહીં. તે મુદ્દે ભારે ઉદાપોહ મચ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં આજે આ મામલે મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો. જેમાં બે જજોની બેંચ વચ્ચે મતમતાંતર જોવા મળ્યું. કર્ણાટક હાઈકોર્ટમાં આજ વર્ષે ૧૫ માર્ચના રોજ ઉડુપ્પીના સરકારી પ્રી યૂનિવર્સિટી ગર્લ્સ કોલેજની મુસ્લિમ વિદ્યાર્થિનીઓની એ અરજીને ફગાવી દેવાઈ હતી, જેમાં વર્ગખંડ એટલેકે, ક્લાસમાં હિજાબ પહેરવાની મંજૂરી માંગવામાં આવી હતી.

## ‘બકરી ઈદમાં બચીશું તો મોહર્રમમાં નાચીશું’ : કોંગ્રેસ અધ્યક્ષ પદનાં ઉમેદવાર મલ્લિકાર્જુન ખડગેનાં વિવાદાસ્પદ નિવેદનથી ખળભળાટ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૧૩: કોંગ્રેસ અધ્યક્ષ ચૂંટણી માટેના ઉમેદવાર મલ્લિકાર્જુન ખડગેએ એક નિવેદનના કારણે ભારે વિવાદ ઊભો થયો છે. પત્રકારોએ ૨૦૨૪ની ચૂંટણી અંગે સવાલ પૂછયા હતા જેના જવાબમાં તેમણે કહ્યુંહતું કે ‘બકરી ઈદ ઉપર બચીશું, તો મોહર્રમમાં નાચીશું’, તેમના આ નિવેદન બાદ વિવાદ ઊભો થયો છે કોંગ્રેસમાં રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે ચૂંટણી યોજાવાની છે. પાર્ટીના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગે અને શશિ થરૂર વચ્ચે જંગ થવાની છે. આ ચૂંટણીના પ્રચાર માટે મલ્લિકાર્જુન ખડગે બુધવારે ભોપાલમાં હતા. જ્યાં તેમણે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, પરંતુ આ દરમ્યાન તેમણે આપેલા એક નિવેદનના કારણે ભારે વિવાદ ઊભો થયો છે. પત્રકારોએ ૨૦૨૪ની ચૂંટણી અંગે સવાલ પૂછયા હતા જેના જવાબમાં તેમણે કહ્યું હતું કે બકરી ઈદ ઉપર બચીશું, તો મોહર્રમમાં નાચીશુ, તેમના આ નિવેદન બાદ વિવાદ ઊભો થયો છે અને ભાજપે તેને મુસ્લીમોનું અપમાન ગણાવ્યું છે.

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શેહઝાદ પૂનાવાલાએ મલ્લિકાર્જુન ખડગેના આ નિવેદનને મુસ્લીમોનું અપમાન ગણાવ્યું હતું.

## મોંઘવારી કેમ કાબૂમાં આવતી નથી ? પ્રથમવાર સરકારે રીઝર્વ બેંક પાસે રીપોર્ટ માંગ્યો

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્ર સરકાર તથા રિઝર્વ બેંકના અથાગ પ્રયાસો છતાં મોંઘવારી કાબુમાં આવતી નથી અને સતત ૯મા મહિને ફુગાવો ‘સંતોષકારક ઝોન’ કરતા ઉંચા સ્તરે આવ્યો છે ત્યારે પ્રથમ વખત સરકાર આકરો મિજાજ દર્શાવીને નિષ્ફળતા પાછળના કારણો દર્શાવતો રીપોર્ટ માંગ્યો છે. મોંઘવારી સંતોષકારક સ્તરે કેમ નથી આવી શકતી અને તેને કાબુમાં લેવા કેવા પગલા લેવામાં આવી રહ્યા છે? તે વિશે જવાબ માંગવામાં આવ્યો છે.

મહત્વપૂર્ણ બાબત એ છે કે, ૨૦૧૬માં ધિરાણનીતિ સમીક્ષાનો કોન્સેપ્ટ લાગુ થયા બાદ કેન્દ્ર સરકારે પ્રથમ વખત રિઝર્વબેંક પાસે રીપોર્ટ માંગ્યો છે. કેન્દ્રના આંકડા મંત્રાલયના રીપોર્ટ મુજબ ઓગષ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં માત્ર છ ચીજોના ભાવ નીચા આવ્યા છે.

## આઈટી એક્ટની કલમ ૬૬એ હેઠળ કોઈની પણ સામે કેસ ચલાવી ન શકાય : સુપ્રિમ કોર્ટ

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી, તા.૧૩

ઈન્ફરમેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૬ એ હેઠળ કોઈ પણ નાગરિક પર કેસ ચલાવી ન શકાય તેમ સુપ્રિમ કોર્ટે નિર્દેશ આપ્યા છે. ઉલ્લેખનીય છે આઈટી એક્ટની આ કલમ સુપ્રીમ કોર્ટે ૨૦૧૫માં રદ કરીદીધી હતી. રદ કરવામાં આવેલી કલમમાં આપત્તિજનક સામગ્રી પોસ્ટ કરનાર વ્યક્તિને ત્રણ વર્ષ સુધીની જેલ અને દંડની જોગવાઈ હતી. સુપ્રીમ કોર્ટે ૨૪ માર્ચ, ૨૦૧૫ના રોજ આ કલમને રદ કરતા જણાવ્યું હતું કે ઈન્ફરમેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૨૦ની કલમ ૬૬થી પ્રજાનો જાણવાનો અધિકાર ઉપર સીધી રીતે અસર પડે છે.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ યુ યુ લલિતની અધ્યક્ષતા ધરાવતી ખંડપીઠે જણાવ્યું હતું કે એવા તમામ કેસોમાં જ્યાં નાગરિક આઈટી એક્ટ, ૨૦૨૦ની કલમ ૬૬ એના ભંગનો સામનો કરી રહ્યાં છે તેવા તમામ કેસોમાં આ કલમનો સંદર્ભ હટાવવામાં આવે. ખંડપીઠે વધુમાં જણાવ્યું છે કે અમે તમામ ડાયરેકટર જનરલ ઓફ પોલીસ, રાજ્યના ગૃહ સચિવો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના સક્ષમ અધિકારીઓને નિર્દેશ આપીએ છીએ કે તે પોત પોતાના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સમગ્ર પોલીસ દળને આદેશ આપે કે તે કલમ ૬૬એના કથિત ભંગના સંદર્ભમાં અપરાધની કોઈ ફરિયાદ દાખલ ન કરે.

## ગુજરાતમાં ફરી પેપરલીકકાંડ : સૌરાષ્ટ્ર યુનિ.માં BBA-B.com ની પરીક્ષાના પેપર ફૂટ્યા

રાજકોટ તા. ૧૩

ગુજરાતમાં ફરી એકવાર પેપરલીક કાંડ બન્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પેપર લીકની ઘટના બની છે. પરીક્ષાનું પેપર લીક સમાચારવહેતા આજની પરીક્ષા રદ કરવામાં આવી છે. બીબીએનું નવું પેપર રાતોરાત બદલી સવારે પાંચ વાગ્યે તમામ કોલેજોને મોકલી અપાયુ હતું. જ્યારે કે, બી. કોમ નું આજનું પેપર રદ્દ કરાયું છે. પરીક્ષાના એક દિવસ અગાઉ કેન્દ્રો ઉપર પેપર મોકલવાના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિર્ણયથી હજારો વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેડા થયા છે. ત્યારે પરીક્ષા નિયામક નિલેશ સોનીની ભક્તિનગર પોલીસે રાત્રિના બે વાગ્યા સુધી પૂછપરછ કરી હતી.

ગુજરાતમાં ક્યાંકને ક્યાંક પેપર લીકની ઘટના બનતી હોય છે. તેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તો વિવાદોનું એપી સેન્ટર બનેલી છે. અહીં સતત વિવાદ થયા રહે છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફરી એક વાર પેપર લીકની ઘટના ની છે. બી.બી.એ સેમેસ્ટર-૫નું ડાયરેક્ટ ટેક્સ અને બી. કોમ સેમેસ્ટર-૫નું ઓડીટીંગ કોર્પોરેટ ગવર્નન્સ-૧ નામના વિષયનું પેપર લીક થયાના સમાચાર વહેતા થયા હતા.

ગુજરાતમાં વધુ એક કથિત પેપરલીક કાંડની ઘટનાના સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં પેપર લીક થવું તેમજ ભરતીઓ રદ થવી જેવી બાબતો તોહવે સામાન્ય બની ગયું હોય તેવું લાગી રહ્યું છે.

## તહેવારોના સમયમાં રેલ્વેની ખાસ ભેટ ૫૩૬ રૂપિયામાં કરી શકશો ૪ જ્યોતિર્લિંગના દર્શન

નવી દિલ્હી,તા. ૧૩ : આ વખતે તમે પણ જયોતિર્લિંગના દર્શન કરવાનો પ્લાન કરી રહ્યા હોવ તો તમારા માટે સારા સમાચાર છે. રેલવે તમારા માટે ખાસ પેકેજ લઈને આવ્યું છે. જેમાં ૪ જયોતિર્લિંગના દર્શન કરાવવામાં આવશે. IRCTC એ આ અંગે ટ્વીટ કરીને જાણકારી આપી. ખાસ વાત એ છે કે આ પેકેજમાં તમે ફક્ત ૫૩૬ રૂપિયામાં યાત્રા કરી શકો છો. IRCTC એ ટ્વીટ કરીને લખ્યું છે કે રેલવે ૪ જયોતિર્લિંગ દર્શન યાત્રા કરાવવાની તક આપી રહ્યું છે. આ યાત્રાનો તારીખ ૧૫ ઓક્ટોબરથી ૨૨ ઓક્ટોબરથી શુભારંભ થશે.

## કેન્સરની દવાઓ ઉપર તગડો નફો કમાય છે હોસ્પિટલો

નવી દિલ્હી,તા.૧૩ઃ કેન્સર જેવી ગંભીર બીમારી હવે આધુનિક ટેકનોલોજીના માધ્યમ થકી સામાન્ય બની રહી છે. તમે તમારી આસપાસ એવા ઘણા લોકોને જાણતા જ હશો જેમને કેન્સર હશે. ભારતમાં હાલ કેન્સરના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ભારતમાં આ વર્ષે નોંધાયેલા કેન્સરના દર્દીઓની સંખ્યા ૧૯થી ૨૦ લાખની વચ્ચે હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. જો કે FICCI અને EYના અહેવાલ મુજબ કેન્સરના દર્દીઓની વાસ્તવિક સંખ્યા નોંધાયેલા કેસો કરતા ૧.૫થી ૩ ગણી વધારે હોઈ શકે છે. જો.કે કેન્સરની બીમારી જેટલી વધી રહી છે. તેટલું જ તેને ઈલાજ કરવો મુશ્કેલ છે. જો દર્દી ગરીબ પરિવારનો હોય તો શરૂઆતમાં સંપૂર્ણ સારવાર ઉપલબ્ધ હોતી નથી. સારવાર કરાવે તો પણ તેના પાછળ થતા ખર્ચને કારણે પરિવારને વર્ષો સુધી દેવું થઈ જાય છે.

## ભારતમાં નિર્મિત પેરાસિટામોલ ૪૫ દવાઓનાં સેમ્પલ નિષ્ફળ તપાસનાં આદેશ

નવી દિલ્હી,તા. ૧૩

ભારતીય કંપનીના કફ-સિરપ પીવાના કારણે આફ્રિકન દેશ ગામંબીયામાં ૬૬ બાળકોના મૃત્યુ થયા હોવાના અહેવાલબાદ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝશન દ્વારા એક તરફ હરિયાણા અને હિમાચલમાં આ પ્રકારના કફ સિરપ બનાવતી કંપનીઓ ઉપર દરોડા પાડીને તેમના ઉત્પાદનની તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ દેશમાં ૪૫ જેટલી દવાઓના સેમ્પલ ગુણવતાની દ્રષ્ટિએ નિષ્ફળ ગયા હોવાનો ધડાકો થયો છે અને તેમાં સૌથી વધુ વપરાતી પેરાસીટામોલનો પણ સમાવેશ થાય છે. ‘ધ ટ્રીબ્યુન’ અખબારના રિપોર્ટ મુજબ આ વર્ષે મે માસમાં આસિ. ડ્રગ્સ કંટ્રોલ એન્ડ લાયસન્સીંગ ઓથોરિટી નવી દિલ્હીએ ગ્લેનમાર્ક ફાર્માસ્યુટીકલ લીમીટેડની સામે તપાસ શરુ કરી હતી. જેમાં બ્લડપ્રેસર માટે ઉપયોગમાં લેવાતી Telmisartanને શંકાસ્પદ ગણાવાઈ હતી અને આ કંપનીના Ofloxacin Ormdazoe એન્ટી બાયોટીકના સેમ્પલ પણ નિષ્ફળ ગયાહતા. ચંદીગઢ સ્થિત દવાની કંપની એન્ટી બાયોટીક બેકટેરીયલ એન્ડો ટોકસીન્સ અને સ્ટરીલીટીમાં પાસ થયાની હાલમાં જ હિમાચલ પ્રદેશમાં કાલા એમબીએની નિકસી લેબોરેટરી પણ તપાસના દાયરામાં છે. તેની એક દવા Anaesthesia Propofla ની ગુણવત્તાની તપાસ પણ નેગેટીવ આવીહતી.

## આગામી તા. ૧૮ ઓકટોબરે પુષ્ય નક્ષત્રના દિવસે સોનાની ખરીદી નીકળવાની જવેલર્સને આશા

નવી દિલ્હી, તા.૧૩ઃઆગામી તા.૧૮મીના રોજ પુષ્ય નક્ષત્ર આવીરહ્યુંછે ત્યારે શહેરમાં સોનાની ખરીદી લોકો કરશે તેવી જવેલર્સોને આશા છે. ૨ વર્ષ કોરોના સમયમાં વેપાર ધંધાને અસરના પગલે સોનાની ખરીદી દિવાળી વખતે ખાસ થતી ન હતી. જોકે આ વર્ષે રક્ષાબંધનથી જ બજારોમાં જોવા મળતી વિવિધ ચીજોની ખરીદીના પગલે લોકો પાસે નાણાં આવી રહ્યા છે ત્યારે પુષ્ય નક્ષાત્રના દિવસે શુકનના સોનાની ખરીદી કરશે તેવી જવેલર્સોને આશા છે. શહેરોમાં આજે સોનાના ૧૦ ગ્રામના ભાવ રૂા.૨૫૦ ઘટીને રૂા.૪૬૬૫૦ રહ્યા હતા. ૨૪ કેરેટ ૧૦ ગ્રામના આજે રૂા.૫૦.૯૨૦ રહ્યા હતા. પુષ્ય નક્ષત્રના શુકનની ખરીદીમાં લોકોએ લાઈટ વેટ જવેલરી. કોઈન્સ અને લગડીની ખરીદી માટે જવેલર્સોને ત્યાં ઓર્ડર આપ્યા છે. ભારતનાં શહેરોઅને તેની આસપાસ આવેલા જાહેર અને ખાનગી સાહસોમાં કામદારોને દિવાળી બોનસનું વિતરણ શરૂ થયુંછે તેની અસર પણ ખરીદી ઉપર જોવા મળશે.

## ગુજરાત રાજસ્થાન બોર્ડર ઉપરથી ૫ કરોડ ૯૪ લાખની રોકડ રકમ ઝડપાઈ

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં એક તરફ વિધાનસભાની ચૂંટણીનો માહોલ સર્જાયો છે. ત્યારે બીજી તરફ ગુજરાત રાજસ્થાન બોર્ડર ઉપરથી ૫ કરોડ ૯૪ લાખની રોકડ રકમ ઝડપાતા તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

બુધવારે માવલ ચોકી ઉપરથી બે કાર પકડાઈ હતી, આ બે કારમાંથી ૫ કરોડ ૯૪ લાખની રોકડ રકમ મળી આવી હતી. રોકડ સાથે અમદાવાદના ચાર લોકોની અટકાયત કરવામાં આવી છે. હાલ ગુજરાત પોલીસ સાથે જોધપુર આઈટી વિભાગની ટીમ પણ તપાસમાં જોડાઈ છે. આટલી મોટી રોકડ રકમ કયાંથી આવી અને કયાં મોકલવાની હતી તે અંગે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

ગુજરાતમા વિધાનસભાંની ચૂંટણી પહેલા ગુજરાત રાજસ્થાન બોર્ડર ઉપરથી કરોડોની રકમ ઝડપાવવાનો મામલો સામે આવ્યો છે. આ કેસમાં સતત ૮ કલાક મશીન સાથે રોકડની ગણતરી બાદ બંને કારોમાંથી રૂા. ૫ કરોડ ૯૪ લાખની રકમ કરાઈ જપ્ત કરવામાં આવી છે.

## પાકિસ્તાનનાં સિંધમાં બસમાં ભીષણ આગ લાગતા ૧૭નાં મોત

કરાંચી, તા.૧૩:

પાકિસ્તાનમાંથી એક કરૂણ ઘટના સામે આવી છે. પાકિસ્તાનના સિંધ જિલ્લામાં બુધવારે એક બસમાં અચાનકભીષણ આગ ફાટીનીકળી હતી. જેમાં બસમાં સવાર ૧૭ લોકોના જીવતા સળગી જવાથીમોત થઈ ગયા છે. આ ઘટના કરાંચીથી લગભગ ૯૦કિમી દૂર નીરિયાબાદ શહેરમાં થઈ હતી. પાક અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે, બુધવારે સાંજે ખૈરપુર નાથન શાહ વિસ્તારમાં જઈ રહેલી એક બસમાં નૂરિયાબાદની નજીક નેશનલ હાઈવે ઉપર આગ લાગવાથી લગભગ ૧૭જેટલા લોકોના મોતની પુષ્ટિ થઈ છે અને ૨૦ અન્ય ઘાયલ થઈ ગયા છે.

તમામ પ્રકારનાં ગેસ વેલ્ડીંગ, મેડીકલ ઓકસીજન, વેલ્ડીંગ રોડ, ટુલ્સ, એલપીજી ગેસ અને એસેસરીઝ

હોલસેલ પણ મળશે



WE ARE ALSO REFILIN THE FIRE EXTINGUISHE

કામ કરી શકે તેવા માણસની જરૂર છે આકર્ષક પગાર સાથે...

ઉમા ટ્રેડર્સ

રીલાયન્સ પેટ્રોલ પંપ સામે, દોલતપરા, જૂનાગઢ

રાકેશ અગ્રવાલ : ૦૨૮૫-૨૬૬૧૦૧૮-૯૮૯૮૧ ૮૬૨૧૯

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ

CNG - LPG રી-ટેસ્ટીંગ

CNG ફીટીંગ સેન્ટર

યશ ઓટો ગેસ

મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪

ઝાંઝરડા બાયપાસ ચોકડી, LPG પંપની પાછળ, જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા

યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ

- ૧૦૦% પ્રેક્ટીકલ
- સરળ ભાષામાં તૈયારી
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેન્ડથી વધુ નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

➩ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
➩ કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
➩ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
➩ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પલેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com




માર્શલ ટ્રેડીંગ કં. : જુનાગઢ - 7069075829, 8929207342

C M Y K

# બાળકોના વિકાસમાં બાળ વાર્તાઓનું અનોખું મહત્વ : શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી

## જૂનાગઢમાં 'વાર્તાથી વાવેતર' કાર્યક્રમ યોજાયો : બાળ કેળવણીકાર ગિજુભાઈ બધેકાની વાર્તાઓ ઉપર કાર્યક્રમો રજૂ થયા



જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ દ્વારા વાર્તાથી વાવેતર કાર્યક્રમ જૂનાગઢમાં યોજાયો હતો. બાળ વાર્તાકાર ગિજુભાઈ બધેકાના બાળ કેળવણીને વેગવંતી બનાવવા માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમ ગિજુભાઈની વાર્તાઓને શ્રીસાઈ લક્ષ્મી ફાઉન્ડેશન તથા સાઈરામ દવેની ટીમ દ્વારા આંગી ક્રમ, વાંચી ક્રમ, બાળગીતો રજૂ કરાયા હતા. શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીનો સંદેશ પ્રસારિત કરાયો હતો. તેઓએ કહ્યું હતું કે, બાળકોના વિકાસમાં બાળ વાર્તાઓનું અનોખું મહત્વ છે. વીર રસની વાર્તાઓનું સાહસ, વિરતા, નિષ્ઠા બાળકને વધુ મજબુત બનાવે છે. બાળ વાર્તાને સજીવન કરવા રાજ્ય સરકાર પ્રયાસ કરી રહી છે. નવી શૈક્ષણિક નિતિમાં ગિજુભાઈની શિક્ષણ પધ્ધતિ સ્વીકારી છે.

સાંઈરામ દવેએ ગિજુભાઈની વાર્તાઓ વિશે જણાવ્યું હતું તેઓએ વધુમાં કહ્યું હતું કે, શિક્ષણ વિભાગે ૨૦૨૨-૨૩ને બાળ વાર્તા વર્ષ તરીકે ઉજવણી કરી રહી છે. તેમજ ૧૫ નવેમ્બરના બાળ વાર્તા દિવસ તરીકે ઉજવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે. 'વાર્તાથી વાવેતર'ના કાર્યક્રમ થકી બાળ વાર્તાને રાજ્યાશ્રય મળ્યો છે. બાળક વાર્તા ભૂખ્યો ન રહેવો જોઈએ. લોકબોલીની વાર્તાઓ જીવતી રહેવી જોઈએ. આ તકે ગુજરાતી કલાકાર ઓઝસ રાવલ, સાંઈ રામ દવે, વિમલ મહેતા, શિક્ષણ સમિતિના અધ્યક્ષ, પ્રાચાર્ય કંચનબેન ભૂત, જિલ્લા શિક્ષણ અધિકારી જલ્પાબેન કયાડા, પ્રાથમિક શિક્ષણ અધિકારી વિપુલભાઈ ગૂંચલ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, આંગડવાડીની બહેનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૬ ઓક્ટોબરથી સાસણમાં સિંહનું વેકેશન પૂર્ણ, પ્રવાસીઓ સિંહ દર્શન કરી શકશે

## સાસણમાં સિંહ દર્શન માટે ઓનલાઈન પરમીટ બુકીંગ શરૂ થઈ ગયું

જૂનાગઢ, તા.૧૩

ગીર વન્યપ્રાણી અભયારણ્ય, સાસણ ગીર ખાતે તા.૧૬ ઓક્ટોબર સિંહ દર્શન માટે ખુલ્લું મુકવામાં આવી રહ્યું છે. સાસણ સિંહ દર્શન માટે ઓનલાઈન પરમીટ બુકીંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.



ગીર વન્યપ્રાણી અભયારણ્ય, સાસણ-ગીર ખાતે ઈકો ટુરીઝમ ઝોન (નિયત રૂટ ઉપર) તા.૧૬ ઓકટોબર ૨૦૨૨થી પ્રવાસન સ્થળને પ્રવાસીઓ માટે ખુલ્લું મુકવામાં આવશે. ગીર વન્યપ્રાણી અભયારણ્ય, સાસણ-ગીર માટે ઓનલાઈન પરમીટ બુકીંગ શરૂ થઈ ગયેલ છે અને પ્રવાસીઓ ઓફિસીયલ વેબસાઈટ https:// g i r l i o n . gujarat.gov.in/ઉપરથી પરમીટ બુક કરી શકશે. તમામ પ્રવાસીઓને વિનંતી કરવામાં આવે છે કે, કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા કોવિડ-૧૯ માટે વખતો વખત બહાર પાડવામાં આવતી માર્ગદર્શિકાઓનું પાલન કરવાનું રહેશે. નાયબ વન સંરક્ષક ડો.મોહન રામની યાદીમાં જણાવાયું છે.

## ગુજરાત સરકાર એએમએ સેન્ટર ફોર ઈન્ટરનેશનલ ટ્રેડ દ્વારા

# રાજકોટ ખાતે આત્મનિર્ભર ભારત માટે નિકાસ-આયાત જાગૃતિ કાર્યક્રમ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૩

આત્મનિર્ભર ભારત ચળવળ અને ભારત સરકારની નવી વિદેશી વેપાર નીતિને પ્રોત્સાહન આપતા, ગુજરાત સરકાર (GoG)-એએમએ સેન્ટર ફોર ઈન્ટરનેશનલ ટ્રેડ ગુજરાતના તમામ મોટા શહેરોમાં કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે. આ શ્રેણીમાં, "નિકાસ વ્યૂહરચના: બજારની પસંદગી અને વિદેશી ખરીદદારો શોધવા" વિષય પર એક કાર્યક્રમ શનિવાર, ૧૫ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ રાજકોટ ખાતે સુનિશ્ચિત થયેલ છે, જેનું સંચાલન અંકિત મજમુદાર દ્વારા કરવામાં આવશે, જેમને આ ક્ષેત્રમાં ૨૦ વર્ષથી વધુનો અનુભવ છે અને તેઓ EU, દક્ષિણ અમેરિકા, દક્ષિણ પૂર્વ એશિયા, મધ્ય પૂર્વ અને આફ્રિકાનાં ઘણા દેશોમાં પ્રવાસ કરી ચૂક્યા છે.

આ કાર્યક્રમ સહભાગીઓને બજારની વ્યૂહાત્મક પસંદગી અને વિદેશી ખરીદદારોની ઓળખ સમજવામાં મદદ કરશે. આ પ્રોગ્રામ ઉત્પાદન માટે નિકાસ બજાર કેવી રીતે પસંદ કરવું, બજાર અથવા દેશની પસંદગીને અસર કરતા પરિબળો શું છે, નિકાસ આયાતના આંકડા કેવી રીતે શોધી શકાય, નિકાસ પ્રમોશન કાઉન્સિલ શું છે અને તે કોઈપણ નિકાસકારને કેવી રીતે મદદ કરે છે, સરકારી પ્રોત્સાહન યોજનાઓ માટે ઓફર કરવામાં આવે છે. પ્રોડક્ટ, ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ શું છે અને તે ભારતીય નિકાસકારને વ્યવહારીક રીતે કેવી રીતે મદદ કરે છે, સાચા ખરીદદારને શોધવા માટેના મુખ્ય સ્ત્રોત કયા છે, વેપાર મેળા/પ્રદર્શન કેવી રીતે મદદ કરે છે, હું વિદેશી દેશ/ બજારમાં મારા ઉત્પાદન પરની આયાત જકાત કેવી રીતે જાણી શકું, ભારતીય દૂતાવાસ કેવી રીતે ભારતીય નિકાસકારને મદદ કરે છે, નિકાસના ભાવની ગણતરી કેવી રીતે કરવી અને ચુકવણીની શરતો પર નિર્ણય કેવી રીતે લેવો, ખરીદદારો સાથે અસરકારક સંદેશાવ્યવહાર કેવી રીતે કરવો, ખરીદદારોનો ડેટાબેઝ કેવી રીતે તૈયાર કરવો, સંભવિત ખરીદનારને ઉત્પાદનના નમૂના કેવી રીતે મોકલવા વગેરે બાબતે માર્ગદર્શન આપશે.

ઈન્ડિયન સ્પેસ પ્રોગ્રામ અને અન્ય વ્યાવસાયિક સંસ્થાઓના પિતા સ્વર્ગસ્થ ડો. વિક્રમ સારાભાઈના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ ૧૯૫૬માં સ્થપાયેલ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (છસ્છ), વ્યાવસાયિકો માટે પ્રવચનો અને ચર્ચા સભાઓ, મેનેજમેન્ટ ડેવલપમેન્ટ કાર્યક્રમો, ઔદ્યોગિક મુલાકાતો, પ્રકાશનો વગેરે દ્વારા સક્રિય અને નિયમિત મંચ પ્રદાન કરે છે.

જેઓ તેમનો નિકાસ વ્યવસાય સેટ કરવા ઈચ્છતા હોય તેઓ એએમએ વેબસાઈટ www.amaindia.org ઉપર તેમના નામની નોંધણી કરીને કાર્યક્રમમાં હાજરી આપી શકે છે. વધુ વિગતો માટે કૃપા કરીને અમને મોબાઈલ: ૭૮૭૮૩૫૫૫૧૬ (શ્રી હર્ષ) અથવા ફોન:૦૭૯-૨૬૩૦૮૬૦૧-૫ ઉપર કોલ કરો અથવા ઈમેલ: ama@amaindia.org કરવા જણાવેલ છે.

# એનબીએ અને રિલાયન્સ રિટેલે ભારતમાં એનબીએ મર્ચેન્ડાઈઝની વિસ્તૃત શ્રેણી લોન્ચ કરી

મુંબઈ, તા.૧૩

નેશનલ બાસ્કેટબોલ એસોસીએશન (એનબીએ) અને દેશભરમાં ૧૫,૮૦૦થી વધુ સ્ટોર્સ ધરાવતા ભારતના સૌથી મોટા રિટેલર રિલાયન્સ રિટેલ લિમિટેડે ભારતમાં એનબીએ મર્ચેન્ડાઈઝની વ્યાપક શ્રેણી શરૂ કરવા માટે બહુવર્ષીય સહયોગ કરવાની જાહેરાત કરી છે. આ સહયોગના ભાગરૂપે રિલાયન્સ રિટેલે ભારતમાં આ રમતના ચાહકો માટે એનબીએ ટીમ અને લીગ-બ્રાન્ડેડ ઉત્પાદનોની વિશાળ શ્રેણી પસંદગી માટે રજૂ કરી છે, જેમાં એડલ્ટ અને યુથ અપારલની વ્યાપક શ્રેણી, એસેસરીઝ, બેક-ટુ-સ્કૂલ સપ્લાય, રમકડાં, કલેક્ટિબલ્સ અને તેનાથી વધુ સામગ્રીનો સમાવેશ થાય છે. દેશભરમાં પસંદગીના રિલાયન્સ રિટેલ સ્ટોર્સ અને રિલાયન્સ રિટેલના ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર ચાહકો માટે આ સામગ્રી ઉપલબ્ધ છે. આ ઉપરાંત રિલાયન્સ રિટેલ તેના સ્ટોર્સની મુલાકાત લેનારા ચાહકો અને ગ્રાહકોને ઈન્ટરેક્ટિવ એનબીએ ગેમ્સના અનુભવો કરવાની તક પૂરી પાડશે, જેમાં સ્વીપસ્ટેકસ, રિલાયન્સ ફાઉન્ડેશન જુનિયર એનબીએ એક્ટિવેશન્સ, એનબીએ ગેમ હાઈલાઈટ્સ અને ઈન-સ્ટોર ટીવી ઉપર સંબંધિત સામગ્રી અને બીજી ઘણી બધી સામગ્રીનો સમાવેશ થાય છે.

આ સહયોગ એનબીએના રિલાયન્સ સાથેના લાંબા સમયથી ચાલતા સંબંધોનું પરિણામ છે, જેમાં રિલાયન્સ ફાઉન્ડેશન જુનિયર એનબીએ પ્રોગ્રામ, વાયાકોમ૧૮ અને જિયો સાથે બહુવર્ષીય પ્રસારણ અને સ્ટ્રીમિંગ કરારો અને ભારતભરના ફેશન ડિઝાઈનરોને વિશિષ્ટ એનબીએ કેપ્સ્યુલ કલેક્શન બનાવવાની તક આપનાર લેકમે ફેશન વીકનો સમાવેશ થાય છે.




સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# કલ્યાણકારી યોજના અને રેવડીમાં ફરક

ગત દિવસોમાં દેશના ચૂંટણી પંચે રાજકીય પક્ષોને એક પત્ર લખીને કહ્યું કે, તેમણે લોકરંજક વાયદાની જાહેરાત કરતી વખતે એ પણ જણાવવું જોઈએ કે, તેને પૂરા કરવા માટે નાણાં ક્યાંથી લાવશે. જેવો અંદેશો હતો, આ પત્ર ઉપર કોંગ્રેસ સહિત કેટલાય પક્ષોએ વાંધો ઉઠાવ્યો. તેમના વલણને જોતાં તેમાં શંકા છે કે, તેઓ ચૂંટણી પંચના પત્ર ઉપર કોઈ સકારાત્મક જવાબ આપશે. પંચ પાસે એ અધિકાર નથી કે તે રાજકીય પક્ષો તરફથી કરાતી મનમાફક ઘોષણાઓ ઉપર કોઈ અંકુશ લગાવી શકે. તેણે જે વ્યવસ્થા બનાવી પણ છે, તે ખાનાપૂર્તિ બનીને રહી ગઈ છે. હાલમાં એ કહેવું મુશ્કેલ છે કે, ચૂંટણી પંચ રાજકીય પક્ષોની આર્થિક નિયમોની અવગણના કરતી લોકરંજક ઘોષણાઓ ઉપર અંકુશ લગાવી શકશે કે નહીં, પરંતુ એ સારૂ છે કે તેણે કહ્યું કે, તે હાથ ઉપર હાથ દઈને બેસી ન શકે. કારણ કે રેવડી કલ્ચર હવે બેલગામ થતું જાય છે. પક્ષો એમ માની બેઠા છે કે, જનતાને લલચાવનારા વાયદા કરીને ચૂંટણી જીતી શકાય છે. પરિણામ એ થાય છે કે, મફત વીજળી-પાણી સાથે મોબાઈલ ફોન, લેપટોપ, ટીવી વગેરે આપવાની જાહેરાતો અટકવાનું નામ નથી લેતી. જેમ ચૂંટણી પંચની એ જવાબદારી છે કે, તે મતદારોને જણાવે કે તે પોતાના મતનો ઉપયોગ સમજી-વિચારીને કરે, એવી જ રીતે એ જોવાની પણ છે કે રાજકીય પક્ષ ચૂંટણી જીતવા માટે અયોગ્ય રીતભાતો ન અપનાવે. મતદારોને રીઝવવા માટે રાજકીય પક્ષો પોતાના ઢંઢેરામાં લાંબા-પહોળા વાયદા કરે છે. જ્યારે તે ચૂંટણી જીતી જાય છે તો પછી આ વાયદા પૂરા કરવાના ચક્કરમાં આર્થિક સ્થિતિની અવગણના કરે છે. આ ક્રમમાં રાજકોષીય ખાધને નિયંત્રિત રાખવા સંબંધી નિયમોની પણ ઉપેક્ષા કરે છે. તેઓ પોતાના વાયદા પૂરા કરવાની કોશિષમાં આર્થિક સંતુલનને વધુ ખોરવી નાખે છે. જે સરકારો રાજસ્વ મેળવવાના ઉપાય કરવાને બદલે દેવું કરીને કામ ચલાવવા લાગે છે, તે આર્થિક રૂપે પછાત થઈ જાય છે. એક સમસ્યા એ પણ થાય છે કે, જ્યારે જનતાને કોઈ ચીજ કે સુવિધા મફત મળવા લાગે છે તો તે તેનાથી ટેવાઈ જાય છે. જો ક્યારેક મફતની યોજનામાં કોઈ કપાત થાય છે તો જનતા તે સહન કરી શકતી નથી. આ જ પ્રવૃત્તિને વડાપ્રધાન મોદીએ રેવડી સંસ્કૃતિ ગણાવીને એક નવી રાજકીય ચર્ચાને જન્મ આપ્યો છે. જ્યારે કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, ડીએમકે જેવા પક્ષો એવી દલીલ કરી રહ્યા છે કે, મફત સેવાઓ આપવી જનકલ્યાણનું કામ છે અને એ તેમના રાજકીય અધિકારમાં આવે છે, ત્યારે એ સવાલ પણ ઊઠી રહ્યો છે કે, આખરે કલ્યાણકારી યોજનાઓ અને રેવડીઓ આપવામાં કોઈ અંતર રાખવામાં આવશે કે નહીં ? એ ઠીક છે કે કેન્દ્ર સરકાર સહિત રાજ્ય સરકારો ગરીબોને કોઈ પ્રકારની રાહત કે સરકારી સહાયતા અથવા વસ્તુઓ આપે છે, પરંતુ સમસ્યા ત્યારે થાય છે, જ્યારે એવું કરતાં મફતખોરીની સંસ્કૃતિને ઉત્તેજન આપવામાં આવે છે અને આર્થિક સ્થિતિની અવગણના કરવામાં આવે છે. જો કોઈ સરકાર આર્થિક રૂપે સક્ષમ હોય તો તે લાયક લોકોને રાહત આપી શકે છે, પરંતુ તેનો કોઈ મતલબ નહીં કે આર્થિક સમસ્યાઓથી ઘેરાયેલી અને દેવામાં ડૂબેલી સરકારો પણ એવું કરે. દુર્ભાગ્યે હાલમાં એવું જ થઈ રહ્યું છે. એ દરેક સરકારોનું દાયિત્વ છે કે, તે પોતાની અર્થવ્યવસ્થાને આગળ વધારે, કારણ કે જ્યારે તે વધશે, ત્યારે જ લોકોને નોકરીઓ મળશે. જ્યારે કેન્દ્ર અથવા રાજ્યો પાસે ધન હશે ત્યારે જ તો તેઓ શિક્ષણ, સ્વાસ્થ્ય અને બુનિયાદી માળખા ઉપર બહેતર ખર્ચ કરી શકશે. તેનાથી જ લોકોનું જીવન સ્તર સુધરશે. આપણા દેશમાં જે રાજ્યોમાં ઝડપથી વિકાસ થયો, ત્યાં શિક્ષણ, સ્વાસ્થ્ય સુવિધાઓ બહેતર કરવા, બુનિયાદી માળખાના વિકાસ અને કાયદો-વ્યવસ્થામાં સુધાર કરવાને પ્રાથમિકતા આપવામાં આવી. રાજ્ય એવું ત્યારે કરી શકે, જ્યારે તેમની પાસે ધન આવ્યું અને તેમણે મફતખોરીની સંસ્કૃતિને નિયંત્રિત કરી. રેવડી સંસ્કૃતિ જનતાને સરકારી સહાયતા ઉપર એટલી બધી આશ્રિત કરી દે છે કે તે પોતાના જોરે ખુદનો વિકાસ કરવાની માનસિકતાથી સજ્જ નથી રહેતી. તે વિચારતી નથી કે મફતખોરીની સંસ્કૃતિ દેશના આર્થિક રૂપે ખોખલી કરી દે છે. ખબર નહીં કેટલાય દેશો આ સંસ્કૃતિને કારણે તબાહ થઈ ગયા. એવું લાગે છે કે, સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચની જેમ કેન્દ્ર સરકાર પણ મફતખોરીની સંસ્કૃતિને રોકવા પ્રતિબધ્ધ છે. જો કે, કેટલાક સમય પહેલાં દેશના ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટ સમક્ષ એમ કહ્યું હતું કે, તે રાજકીય પક્ષોના નીતિગત નિર્ણયોનું નિયમન કરવા નથી માંગતું, પરંતુ હવે તેણે મફતખોરીની સંસ્કૃતિને લઈને પક્ષોને પત્ર લખ્યો છે. એના ઉપર તેની ટીકાનો કોઈ મતલબ નહીં, કારણ કે કોઈપણ સંસ્થા પોતાના વિચાર બદલી શકે છે અને રેવડી સંસ્કૃતિ ખરેખર ચિંતાનો વિષય છે. રેવડી સંસ્કૃતિ જનતા માટે પણ ચિંતાનો વિષય બનવી જોઈએ. મતદારોને રાજ્ય અને રાષ્ટ્ર હિતમાં પોતાના મતનો ઉપયોગ કરવો જોઈએ. આપણા દેશમાં મતદારોનો એક વર્ગ મોટાભાગે કાં તો ભાવનાત્મક કારણોથી કે પછી કોઈ પ્રલોભનને કારણે પોતાનો મત આપે છે. એક તરફ આપણે એમ કહીએ છીએ કે આપણે વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર છીએ અને બીજી તરફ એ જોઈએ છીએ કે તમામ મતદારો પોતાના મતાધિકાર સમયે પરિપક્વતા નથી દેખાડતા. વિશ્વના અન્ય લોકતાંત્રિક દેશોમાં રાજકીય પક્ષ અને ઉમેદવાર પોતાના વાયદા ઉપર ખરા ઉતરી શકશે કે નહીં, તેની ગહન તપાસ થાય છે અને તેના ઉપર સાર્થક ચર્ચા પણ થાય છે. જાહેર સ્તર ઉપર થનારી આ ચર્ચાઓનું સંચાલન નિષ્પક્ષ અને વ્યાવસાયિક વિશ્લેષકો કરે છે, જે તેનું નિર્ધારણ પણ કરે છે કે કોને કયા વિષય ઉપર લોકોને પ્રભાવિત કર્યા ? આ ચર્ચામાં મુખ્ય નેતા ભાગ લે છે, પરંતુ આપણા દેશમાં એવું કશું નથી થતું. આપણે ત્યાં તો સંસદ અને તેની બહાર થનારી ચર્ચા પણ આરોપ-પ્રત્યારોપ સુધી સીમિત રહે છે. રાજકીય પક્ષોને જવાબદાર બનાવવા માટે આપણા દેશમાં પણ મહત્ત્વપૂર્ણ વિષયો ઉપર સાર્થક ચર્ચાની એવી રીતભાતો અપનાવવી જરૂરી છે, જેમ વિકસિત દેશોમાં પ્રચલિત છે. તેનાથી જ ભારતીય લોકતંત્ર સમર્થ થશે અને જનતા જાગૃત થવાની સાથે આવશ્યક જાણકારીથી પણ સજ્જ થશે. તેનો લાભ રાજનીતિ અને સમાજ, બંનેને મળશે.

# ફટાકડામાં મોંઘવારી ફૂટી, ભાવમાં ૪૦ થી ૬૦ ટકાનો તોતીંગ વધારો

## દિવાળીના તહેવાર આડે માત્ર ૧૦ જ દિવસ છતાં ફટાકડા બજારમાં ટાઢોડું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૩

રોશનીના તહેવાર દિવાળીને આડે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે બજારમાં ફટાકડાના સ્ટોલ નાખવાની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે મોંઘવારી અહી પણ ફૂટી છે આ વર્ષે ફટાકડાના ભાવમાં ૪૦ થી ૬૦ ટકા જેટલા વધારાનો બોમ્બ ફૂટયો છે. ફટાકડામાં આવેલા ભાવ વધારાના લીધે આવક પણ ઓછી જોવા મળી રહી છે અને ઘરાકી પણ દેખાઈ રહી નથી. ધંધાર્થીઓમાં પણ નિરૂત્સાહ જોવા મળી રહ્યો છે. તહેવારોમાં ફટાકડાની ખરીદીમાં લોકો કેવો વ્યૂહ અપનાવશે તેની ચિંતામાં ફટાકડાના નાના મોટા સૌ વેપારીઓ ચિંતિત બન્યા છે. દેખીતી રીતે જ દર વર્ષે દીપોત્સવીના તહેવારોના દશ-બાર દિવસ પહેલાં ફટાકડાના વેપારીઓને ફટાકડાના ભાવમાં વધારો જણાયા પછીયે દિવાળી કેવી જશે તેનો એક અંદાજ આવી જાય છે પરંતુ દીપોત્સવીના પાંચ દિવસના તહેવારની દશેરા અને શરદપૂર્ણિમા બાદ આલબેલ પોકારાઈ ચૂકી છે એ દિવસોમાં જ ફટાકડાના ભાવમાં ૪૦ થી ૬૦ ટકાનો વધારો થતા વેપારીઓ જ નહીં ખરીદારો પણ મૂંઝવણમાં મુકાઈ ગયા છે. ફટાકડા બજારના સૂત્રોના જણાવ્યા અનુસાર નાના બાળકોને પ્રિય એવા તારામંડળ, સાપોલિયા, ચકરડી જેવા જૂના પુરાણા પરંતુ હવે ફેન્સી બનેલા આ ફટાકડા કહો કે, ૪૦ થી ૬૫ અને ૪૦ થી ૬૦ ટકાનો વધારો જોવા મળ્યો છે, એમ એટમબોમ્બ, લક્ષ્મીછાપ, નાના-મોટા ટેટા અને આકાશી હવાઈના ભાવમાં ૪૦ થી ૫૦ અને ફેન્સી આઈટમમાં ૪૦ થી ૬૦ ટકાનો વધારો ફટાકડા બજારના વેપારીઓને પરેશાન કરી રહ્યો છે. પરિણામે એ આવ્યું છે કે, દીપોત્સવીના તહેવારના પ્રારંભમાં પગાર મળતા જ ખરીદી શરૂ થાય છે તે ખરીદી હજી શરૂ થઈ નથી. આ ખરીદી



આગામી રવિવાર તા.૧૬મીથી શરૂ થશે તો એ કેવી રહેશે તેની આ વેપારીઓ ચર્ચા કરી રહ્યા છે અને એમ જણાવી રહ્યા છે કે, કોરોનાકાળમાં બે વર્ષ ધંધા વિનાના રહ્યા હતા. પરંતુ ચાલુ વર્ષે ધંધામાં રાહત થશે એવી ગણતરી માંડીને અમે બેઠા છીએ. પરંતુ ફટાકડાના ભાવોમાં તોડી નાંખે તેવો વધારો થતા અમે આજે તો નિરાશા અનુભવી રહ્યા છીએ. હવે અમારો આધાર દીપોત્સવીના તહેવારો વાઘબારસથી શરૂ થાય ત્યારે બજાર અને લોકોનો રૂખ કેવો રહેશે તેના ઉપર મંડાયેલો છે. સૂત્રોએ આ ભાવવધારા અંગે એમ જણાવ્યું કે, જ્યાં ફટાકડાનું સૌથી વધુ ઉત્પાદન થાય છે તે શિવાકાશીમાં મુશળધાર વરસાદને કારણે ફટાકડાનું ઉત્પાદન ઓછું થયું છે તો રાજસ્થાનના ભરતપુરમાં ફટાકડાની ફેન્સી આઈટમોનું સૌથી વધુ ઉત્પાદન થાય છે તે ક્ષેત્રના વેપારીઓ એમ જણાવી રહ્યા છે કે, ફટાકડા બનાવવાના કાગળ, અન્ય સાધન સામગ્રીમાં વધારો થતા અમારે ભાવવધારો કરવો પડયો છે. ફટાકડાનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓના ઉત્પાદકો જ જો આવી વાત કરી રહ્યા છે તો અમારા જેવા રિટેલરો અમારા ગ્રાહકોને શું કહી શકીએ કે, ભાવવધારો અમે નથી કર્યો, ઉત્પાદક ફેક્ટરીઓએ કર્યો છે.

**વરસાદના લીધે ઉત્પાદનમાં ઘટાડો**

આ વર્ષે વરસાદ પણ હજુ સુધી મડી રહ્યો છે જેના કારણે વાતાવરણ ઠંડક વાળુ જોવા મળી રહ્યું છે અને જમીન પણ ભીની હોવાના લીધે ફટાકડા બનાવવામાં મુશ્કેલી પડી રહી છે. ભીની માટીના હિસાબે મજૂરો જમીન ઉપર બેસી ફટાકડા બનાવી શકતા નથી તેના કારણે ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

**છેલ્લા બે દિવસ ઘરાકી દેખાય તેવી આશા છે**

હાલ રિટેલમાં એટલી બધી ઘરાકી જોવા નથી મળતી પરંતુ દિવાળીના છેલ્લા બે દિવસ ખરીદી વધશે. બાળકોમાં પણ ફટાકડા ફોડવાનો આનંદ ઓસરી રહ્યો છે. મોબાઈલ ફોન આવતા ગેમ્સ રમવાનું વધી ગયું છે. તેમજ ભણતા હોવાથી તેમાથી નવરા થતા નથી દિવાળીના અંતિમ દિવસે બે દિવસ માંડ બાળકો ફટાફડા ફોડે છે તેથી વપારીઓને દિવાળી સુધીમાં ઘરાકી નિકળશે તેવી આશા છે.

**ટ્રાન્સપોર્ટેશન, રો-મટિરિયલ્સ અને મજૂરીમાં વધારો**

પેટ્રોલ-ડિઝલ અને સીએનજીના ભાવમાં આવેલા તોતિંગ વધારાની તેમજ રો-મટિરિયલ્સના ભાવમાં થયેલા વધારાની અસર ફટાકડાના ભાવ ઉપર પડી છે. તમિલનાડુ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબથી ફટાકડા લઈ આવવા વેપારીઓને હાલ પરવડે તેમ નથી અને જે વેપારીઓ માલ મંગાવે છે. તેને સફળતા આપવા પરવડે તેમ નથી કારણ કે, પરીવહન અને રો-મટીરીપલ્સમાં પણ ૩૦ ટકા મોંઘવારી આવી છે. તેમજ જે મંજૂર ૩૦૦માં આવતો હતો તે હાલ ૫૦૦ રૂપિયા મંજૂરી લઈ રહ્યો છે.

# ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડાશે વાયા(સોશ્યલ) મીડિયા !




(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થઈ નથી. જોકે, રાજકીય પક્ષો ચૂંટણી જાહેર થઈ ગઈ હોય તેવી રીતે પ્રચારમાં લાગી છે. ભાજપ, કોંગ્રેસ અને આપ પાર્ટી દ્વારા વિશાળ જનસભાથી માંડીને ડોર ટુ ડોર પ્રચારમાં વ્યસ્ત બન્યું છે. ત્રણેય રાજકીય પક્ષો સોશ્યલ મીડિયાનાં પ્લેટફોર્મ ઉપર આક્રમક પ્રચાર ચરમસીમા ઉપર પહોંચી ચૂકયો છે. તમને જાણીને નવાઈ લાગશે કે, સોશ્યલ મીડિયા ઉપર પક્ષનો પ્રચાર અને વિરોધી પાર્ટીનાં દુષ્પ્રચાર માટે લાખો નહી, પણ કરોડો રૂપિયા ખંખેરવામાં આવી રહી છે. સોશ્યલ મીડિયા ઉપર પ્રચાર માટે ભાજપ, કોંગ્રેસ અને આપ પાર્ટી એકિટવ બની છે.

**શરૂઆત કોણે અને કયારે કરી હતી**

આજનાં રાજકીય પક્ષો અને નેતાઓ જે રીતે સોશ્યલ મીડિયા ઉપર એકિટવ છે, તેનો પાયો હકિકતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાખ્યો હતો. સોશ્યલ મીડિયાની તાકાતનો અંદાજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મુખ્યમંત્રીમાંથી પ્રધાનમંત્રી બન્યા ત્યારે જ આવી ગયો હતો. ગુજરાતમાં પોતાની આગવી સોશ્યલ મીડિયાની ટીમ નરેન્દ્ર મોદીએ વર્ષો પહેલા ઉભી કરી હતી. આજે કહી શકાય કે, જે ટેકનોલોજીનાં જ્ઞાનથી ભરપુર છે.

**કેવી રીતે કામ કરે છે ભાજની સોશ્યલ મીડિયા ટીમ**

રાજકીય પક્ષોમાં સૌથી મોટી સોશ્યલ મીડિયા ટીમ ભાજપ પાસે છે. જે સતત ૨૪ કલાક અપગ્રેડ રહે છે. પાર્ટીનાં નાનામાં નાના અપડેટ શેર કરે છે. આ ટીમ ચાર લહેરમાં કામ કરે છે. પ્રદેશ કક્ષાથી લઈને મંડળ અને બુથ સુધીની કામગીરી સોશ્યલ મીડિયાની ટીમ કરી રહી છે. ભાજપ માટે ૧૦ હજારથી વધુ કાર્યકરો એવા છે જે ડિજિટલ પ્લેટફોર્મ માટે કામ કરે છે. જે કેન્દ્ર સરકારની યોજનાઓનો પ્રચાર સોશ્યલ પ્લેટફોર્મ ઉપર કરે છે. આ ટીમ ઉપરાંત ૫૦ હજાર ડિજીટલ વોરિયર્સની ફોજ વિધાનસભાચૂંટણી માટે કામે લાગી છે. પ્રદેશ ભાજપ પાસે આટલી મોટી સંખ્યામાં વોરિયર્સ હોવા છતાં સોશ્યલ મીડિયાનાં માળખા પ્રમાણે ચાર ઝોન ઉપરાંત પ્રદેશ કક્ષાનો વોર રૂમ સોશ્યલ મીડિયા માટે જ કામ કરે છે. સોશ્યલ મીડિયાની ૧૫ એપ્લિકેશન ઉપર કામ કરવામાં આવે છે.

**ભાજપ કરતા ચાર ચાસણી ચઢતું નીકળ્યું આપ**

ભાજપ કરતા વધારે આક્રમક રીતે આપ પાર્ટીને સોશ્યલ મીડિયાની ટીમ કામે લાગી છે. આપની સોશ્યલ ટીમ ભાજપ કરતા નાની છે પરંતુ વધુ આક્રમક છે. જોકે, ભાજપની ટીમ કરતા અડધી સંખ્યામાં આપની સોશ્યલ મીડિયા ટીમ છે. આપનાં ૨૦ હજાર જેટલા સોશ્યલ મીડિયા વોરિયર્સ માનદ વેતન સાથે કામ કરે છે. ભાજપ ચાર લહેરમાં કામ કરે છે પણ આપની સોશ્યલ મીડિયા ટીમ ત્રણ લહેર સાથે સોશ્યલ મીડિયાનાં તમામ પ્લેટફોર્મ ઉપર એકિટવ છે. જાણીને આશ્ચર્ય થશે કે, આપ પાર્ટીએ મોટાભાગનાં યુવાનોની ટીમ બનાવી છે જેમાં ડોકટર, એન્જિનિયર, વકીલ અને પત્રકારત્વ કરેલા યુવાનોને પણ ટીમમાં સામેલ કરાયા છે. આ તમામ ટીમની ઉપર એક વોર રૂમ બનાવવામાં આવ્યો છે. જેમાં ૨૫ જેટલા સિનિયર સીધુ ધ્યાન રાખીસ બેઠા છે.

**કોંગ્રેસની ટીમ નાની પણ પ્લાનિંગ જડબેસલાક**

કોંગ્રેસની સોશ્યલ મીડિયાની ટીમ કે તેનું નેટવર્ક ખૂબ જ નાનું છે. આ મીડીયાની વોર રૂમ અને બીજા કાર્યકરોની ટીમ સીધી રીતે કામે લાગી છે. કોંગ્રેસમાં ૧૦ હજારની ટીમ છે. જેમાંથી ૧૫૦ વોરિયર્સ માત્ર ડેટા એકત્રિત કરી આગળ આપે છે. કોંગ્રેસમાં ભલે ઓછા વ્યકિતઓ કામ કરતા હોય પણ સોશ્યલ મીડિયાનાં જેટલા હેન્ડલ છે તેટલી ટીમો બનાવીને કામ કરી રહી છે. ચાર ઝોનમાં પણ ટીમ કાર્યરત છે. કોંગ્રેસ દ્વારા પહેલીવાર જીલ્લા, તાલુકા, વિધાનસભા બેઠક અને બૂથ સીધુ સોશ્યલ મીડિયાને લઈ જવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કોંગ્રેસ પણ પ્રોફેશનલ વ્યકિતઓને પણ આક્રમક પ્રચાર માટે હાયર કર્યા છે. કોંગ્રેસનાં ઓફિસ વોર રૂમમાં ૫૦૦ જેટલા કર્મચારીઓ કામ કરી રહ્યા છે. જે પણ સોશ્યલ મીડિયાની પોસ્ટ આવે તેનો આખરી નિર્ણય આ વોર રૂમમાંથી કરવામાં આવે છે.

# ગિરનારની લીલી પરિક્રમાને લઈને ઉતારા મંડળો થયા સજ્જ : તડામાર તૈયારી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

બે વર્ષનાં વિરામ બાદ ફરી આ વર્ષે ગિરનારની લીલી પરિક્રમાનું આયોજન થયું છે. લીલી પરિક્રમાનો ૩૬ કિલોમીટરનો માર્ગ છે. યાત્રિકોને ભોજન પ્રસાદ સહિત તમામ સુવિધાઓ મળી રહે તે માટે ઉતારા મંડળ વગેરેની વિશેષ સજ્જતા સાથે તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. જૂનાગઢ ગરવા ગિરનારની લીલી પરિક્રમા કારતક સુદ અગિયારસથી લઈને પૂનમ સુધી યોજવામાં આવે છે. લીલી પરિક્રમાનાં ૩૬ કિમીનાં લાંબા માર્ગ ઉપર પાંચ દિવસ સુધી પગપાળા પરિક્રમા માટે આવતા ભાવિ ભકતોને તમામ પ્રકારની વ્યવસ્થા ગિરનારનાં જંગલ વિસ્તારમાં મળી રહે તે માટે પાછલા ઘણા વર્ષોથી પરિક્રમા ઉતારા મંડળ અને વિનામૂલ્યે ભોજન પ્રસાદની વ્યવસ્થા આપતા સ્વયંસેવકો દ્વારા આગામી ગિરનારની લીલી પરિક્રમાને લઈને તમામ તૈયારીઓને પરિપૂર્ણ કરી દેવામાં આવી છે. વિશેષ પ્રમાણમાં પરિક્રમાર્થીઓનું જૂનાગઢમાં આગમન થશે. ગત બે વર્ષદરમ્યાન કોરોના સંક્રમણને કારણે ગિરનારની લીલી પરિક્રમા રદ કરવામાં આવી હતી ત્યારે ગત વર્ષે આંશિક મંજુરી મળતા અંદાજીત પાંચક લાખ લોકોએ પરિક્રમા કરી હતી. ત્યારે આ વર્ષે ખૂબ વિશેષ પ્રમાણમાં પરિક્રમાર્થીઓનું જૂનાગઢમાં આગમન થશે તેને લઈને અત્યારથી જ ઉતારા મંડળ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ઉતારા મંડળનાં ટ્રસ્ટીએ કરી વાતચીત ઉતારા મંડળનાં ટ્રસ્ટી ભાવેશ વેકરીયાએ ઈ ટીવી ભારત સાથે વાતચીત કરીને આ વર્ષની ગિરનારની લીલીપરિક્રમા અને ખાસ કરીને ઉતારા મંડળ અને અન્ન ક્ષેત્રનાં આયોજનને લઈને વિગતો આપી હતી. દર વર્ષની માફક આ વર્ષે પણ ૮૦ જેટલા ઉતારા મંડળો અને અન્નક્ષેત્રો લીલી પરિક્રમાનો ૩૬ કિલોમીટરનો માર્ગ ઉપર પરિક્રમાર્થીઓને ચા, પાણી, નાસ્તો તેમજ ભોજન તેમજ પ્રસાદની સાથે તમામ પ્રકારની જરૂરિયાતો જંગલ વિસ્તારમાં પુરી પાડવા માટે કટિબધ્ધ બન્યા છે અને તેની તમામ તૈયારીઓ તેમનાં દ્વારા પૂર્ણ પણ કરી દેવામાં આવી હોવાનું જણાવ્યું હતું. પાંચ દિવસ લાખોની સંખ્યામાં આવે પરિક્રમાથીઓ ગિરનારની લીલી પરિક્રમા અગિયારસથી પૂનમ સુધી યોજવામાં આવે છે. આ પરિક્રમામાં સમગ્ર દેશ અને દુનિયામાંથી લાખોની સંખ્યામાં ભાવિકો પરિક્રમા કરવા માટે પગપાળા આવતા હોય છે. ગત વર્ષો દરમ્યાન ૧૩,૦૦,૦૦૦ જેટલા પરિક્રમાર્થીઓ પરિક્રમામાં નોંધાય હતા. આ વર્ષે પાછલા તમામ વર્ષોનો રેકોર્ડ તુટી જાય અને ૧૫ થી લઈને ૧૮ લાખ સુધી પરિક્રમાર્થીઓ પરિક્રમા કરવા માટે આવશે તેવો વિશ્વાસ ઉતારા મંડળે રજૂ કર્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે મનુષ્ય ધાર્મિક છે તેના રાત-દિવસ સફળ થઈ જાય છે.

- ભગવાન મહાવીર

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.અર્દીબહેસ્ત-૧૩૯૨, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈનવીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, આસો વદ-૪ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૮:૫૦ ક.), કરક ચતુર્થી તા.૧૩ ઓક્ટોબર ૨૦૨૨, ગુરૂવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૧૬, કૃતિકા નક્ષત્ર, સિધ્ધી યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૪૮, સૂ.અ.૬:૨૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : માનસિક અસ્વસ્થાતા રહે. સ્વજન સાથે મતભેદ થાય.
વૃષભ: આર્થિક પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય બાબતે સાંભાળવું.
મિથુન: ધીરજના ફળ મીઠા જાણવા. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે.
કર્ક : અકારણ મનમાં અશાંતિ અનુભવાય. મહત્વનું કાર્ય અટકે.
સિંહ: આર્થિક સામસ્યા ઉકેલાઈ જાય. તમારી ઈચ્છા ફળતી લાગે.
કન્યા: માનસિક અશાંતિ દૂર થાય. આત્મવિશ્વાસમાં વધારો થાય.
તુલા : મનની મુરાદ પૂરી થાય. ધન લાભના યોગ છે.
વૃશ્ચિક: આર્થિક સમસ્યા દૂર થાય. પ્રવાસથી લાભ થાય.
ધન : ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. મહત્વની સમસ્યા ઉકેલાય.
મકર : ગૃહજીવનને લગતા કાર્યમાં સફળતા મળે. નાણાંકીય લાભ મળે.
કુંભ : આવકની તક સાંપડે. નવી ઓળખાણ લાભ આપી જાય.
મીન : પુરૂષાર્થ પ્રમાણે ફળ મળે. સંતાનવર્ગ સાથે સંઘર્ષમાં ન ઉતરવું.

# ૨૨ ડિસેમ્બર પછી સ્વેટર અને ધાબળા તૈયાર રાખજો



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૩

ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે તેમ છતાં પણ ગુજરાતનાં કેટલાક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે અને સામાન્ય વરસાદ પણ થઈ રહ્યો છે. ચોમાસાની વિદાય બાદ વરસાદ થતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ચોમાસું પાક તૈયાર થઈ ગયો છે અને તેવા સંજોગોમાં વાદળછાયું વાતાવરણ અને સામાન્ય વરસાદ થતા ખેડૂતો ચિંતિત બન્યા છે. સામાન્ય રીતે ગુજરાતમાં ડિસેમ્બર અને જાન્યુઆરીમાં સૌથી વધારે ઠંડી પડતી હોય છે એટલે હવામાન વિભાગનું પણ અનુમાન છે કે, નવેમ્બર સુધી બેવડી ઋતુનો અહેસાસ થશે કારણ કે, લઘુતમ તાપમાન નીચું અને મહત્તમ તાપમાન ઉંચું રહેવાનાં કારણે વહેલી સવારે ઠંડી અને બપોર થતા જ ગરમીનો અનુભવ થાય છે. ચોમાસાની વિદાય બેવડી ઋતુઓ અહેસાસ અને સાથે રાહ જોવાઈ રહી છે કે, શિયાળાની શરૂઆત કયારથી થશે ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ અનુમાન વ્યકત કર્યું છે કે, ગુજરાતમાં ૨૨ ડિસેમ્બર બાદ કડકઢતી ઠંડી પડશે અને ઠંડી લાંબી ચાલશે. જોકે, ગુજરાતમાં ઉત્તર તરફનાં સીધા પવનો ફૂંકાય ત્યારે કડકડતી ઠંડી પડે છે. ઠંડા અને સુકા પવન ફૂંકાવવાનું શરૂ થાય ત્યાર બાદ લઘુતમ તાપમાન ઘટવાનું શરૂ થાય છે. પરંતુ હાલ તો બેવડી ઋતુનો અહેસાસ થશે અને ડિસેમ્બરમાં કડકડતી ઠંડી પડશે. રાજયમાં ઉત્તર-ઉત્તરપૂર્વનાં પવન ફૂંકાઈ રહ્યા છે. આગામી ૫ દિવસ લઘુતમ અને મહત્તમ તાપમાન યથાવત રહેશે. રાજયમાં મહત્તમ તાપમાન ૩૫ ડીગ્રી ઉપર નોંધાઈ રહ્યું છે. લઘુતમ તાપમાન ૨૫ ડીગ્રી આસપાસ નોંધાયું છે. જોકે, છેલ્લા ૧૨ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૪ થી ૫ ડિગ્રીનો વધારો થયો છે.

# ગૌ માતાને સુપ્રિમ કોર્ટનો રાષ્ટ્રીય ઝટકો

નવી દિલ્હી તા.૧૩ : અરજદાર તરફથી હાજર રહેલા વકીલે કોર્ટમાં કહ્યું કે, ગાયની સુરક્ષા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ખંડપીઠે વકીલને ચેતવણી આપી હતી કે તે દંડ લાદશે, ત્યારબાદ તેણે અરજી પાછી ખેંચી લીધી અને મામલો કાઢી નાખવામાં આવ્યો. સુપ્રિમ કોર્ટે સોમવારે ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા માટે કેન્દ્રને નિર્દેશ આપવાની માંગ કરતી અરજી ઉપર સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો. જસ્ટિસ એસ કે કૌલ અને જસ્ટિસ અભય એસ ઓકાએ અરજીકર્તાને પૂછયું કે આનાથી કયો મુળૂભત અધિકાર પ્રભાવિત થઈ રહ્યો છે. ખંડપીઠે કહ્યું કે શું આ કોર્ટનું કામ છે ? તમે એવી અરજીઓ કેમ કરો છો કે અમારે તેને દંડ કરવો પડે ? કયા મુળભૂત અધિકારનું ઉલ્લંઘન થયું ? તમે કોર્ટમાં આવ્યા હોવાથી શું નકારાત્મક પરિણામને ધ્યાનમાં લીધા વિના આપણે આ કરવું જોઈએ ? અરજદાર તરફથી હાજર રહેલા વકીલે કોર્ટમાં કહ્યું કે, ગાયની સુરક્ષા ખૂબ જ જરૂરી છે. ખંડપીઠે વકીલને ચેતવણી આપી હતી કે, તે દંડ લાદશે, ત્યારબાદ તેણે અરજી પાછી ખેંચી લીધી અને મામલો કાઢી નાખવામાં આવ્યો. સર્વોચ્ચ અદાલત બિન-સરકારી સંસ્થા ગૌવંશ સેવા સદન અને અન્ય દ્વારા ગાયને રાષ્ટ્રીય પ્રાણી તરીકે જાહેર કરવા કેન્દ્રને નિર્દેશ આપવા માંગ કરતી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી.

# રશિયન શસ્ત્રોની આયાત અંગે એસ. જયશંકરે કહ્યું 'પશ્ચિમે દાયકાઓથી ભારતને શસ્ત્રો પૂરા પાડ્યા નથી'

કેનબેરા, તા.૧૩

વિદેશપ્રધાન એસ. જયશંકરે જણાવ્યું હતું કે, ભારત સોવિયેત અને રશિયન શસ્ત્રોની નોંધપાત્ર ખરીદી કરી રહ્યું છે કારણ કે, તેમણે પાકિસ્તાનનો સ્પષ્ટ સંદર્ભ આપતા કહ્યું કે, પશ્ચિમી દેશોએ તેનાપસંદગીના ભાગીદાર તરીકે આ ક્ષેત્રમાં લશ્કરી સરમુખત્યારશાહી પસંદ કરી હતી અનેદાયકાઓસુધી નવી દિલ્હીને શસ્ત્રો પૂરા પાડ્યા ન હતા. કેનબેરામાં તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ પેની વોંગ સાથે સંયુક્ત પ્રેસ મીટ દરમ્યાન શ્રી જયશંકરે કહ્યું છે કે, ભારત અને રશિયા વચ્ચે લાંબા સમયથી સંબંધો છે જેણે ચોક્કસપણે નવી દિલ્હીના હિતો માટે સારી સેવા આપી છે. અમારી પાસે સોવિયેત અને રશિયનમૂળના શસ્ત્રોની નોંધપાત્ર ઈન્વેન્ટરી છે અને તે ઈન્વેન્ટરી વાસ્તવમાં વિવિધ કારણોસર વધી છે. શસ્ત્ર પ્રણાલીની યોગ્યતાઓ છે અને ઘણા દાયકાઓથી, પશ્ચિમી દેશોએ ભારતને શસ્ત્ર સપ્લાય કર્યા નથી અને હકીકતમાં અમારા પાડોશી સૈન્ય સરમુખત્યાર શાહી દેશને પસંદગીના ભાગીદાર તરીકે ગણ્યું છે. શીત યુદ્ધ દરમ્યાન યુએસની આગેવાની હેઠળ તેઓ પશ્ચિમના નજીકના સાથી હતા. પાકિસ્તાનમાં તેના અસ્તિત્વના ૭૩થી વધુ વર્ષોમાં અડધાથી વધુ સમય માટે આર્મી જનરલો દ્વારા શાસન કરવામાં આવ્યું છે. શ્રી જયશંકરે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં અમે તેની સાથે વ્યવહાર કરીએ છીએ, આપણે ચુકાદાઓ રજૂ કરીએ છીએ, આ ચુકાદાઓ આપણા ભાવિ હિતો તેમજ આપણી વર્તમાન પરિસ્થિતિ બંનેને પ્રતિબિંબિત કરે છે અને તેનો અર્થ એ છે કે, આ વર્તમાન સંઘર્ષની દૃષ્ટિએ દરેક લશ્કરી સંઘર્ષમાંથી શીખી રહ્યા છીએ અને મને ખાતરી છે કે, સૈન્યમાં મારા ખૂબ જ વ્યાવસાયિક સાથીદારો તેનો ખૂબ જ કાળજીપૂર્વક અભ્યાસ કરશે. ઓસ્ટ્રેલિયન પત્રકાર દ્વારા તેમને પૂછવામાં આવ્યું હતું કે, યુક્રેનમાં જે યુદ્ધ ચાલી રહ્યું છે તે જોતાં ભારતે રશિયન શસ્ત્ર પ્રણાલી ઉપર તેની નિર્ભરતા ઘટાડવી જોઈએ અને રશિયા સાથેના તેના સંબંધો ઉપર પુર્નઃ વિચાર કરવો જોઈએ. ગયા મહિને જયશંકરે, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન સાથે સંયુકત પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન કહ્યું હતું કે, ભારત એવી પસંદગીનો ઉપયોગ કરે છે જે માટે તે માને છે કે, જ્યારે તેને શસ્ત્રો ઓફર કરવામાં આવે ત્યારે તે તેના રાષ્ટ્રીય હિતમાં હોય છે. રશિયા ભારતને મિલિટરી હાર્ડવેરનો મોટો સપ્લાયર રહ્યો છે. બંને દેશો મોસ્કો ઉપર પશ્ચિમી પ્રતિબંધોને ધ્યાનમાં રાખીને તેમની વચ્ચે કેવા પ્રકારની ચૂકવણી પદ્ધતિ કામ કરી શકે તે અંગે ચર્ચા કરી રહ્યા છે. ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે ગયા મહિને કહ્યું હતું કે, રશિયાએ વોશિંગ્ટનના દબાણ અને અમેરિકાની આગેવાની હેઠળના પશ્ચિમી દેશોના પ્રતિબંધો છતાં ભારતને તેની સૌથી અદ્યતન લાંબા અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સંરક્ષણ પ્રણાલી જી-૪૦૦ સમયસર આપી છે. જી-૪૦૦ રશિયાની સૌથી અદ્યતન લાંબા અંતરની સપાટીથી હવામાં મિસાઈલ સંરક્ષણ પ્રણાલી છે. 'ટ્રાયમ્ફ' ઈન્ટરસેપ્ટર આધારિત મિસાઈલ સિસ્ટમ ૪૦૦ કિ.મી. સુધીની રેન્જમાં આવનારા પ્રતિકૂળ વિમાનો, મિસાઈલો અને ડ્રોનને પણ નષ્ટ કરી શકે છે. રશિયાએ ગયા વર્ષે ડિસેમ્બરમાં મિસાઈલની પ્રથમ રેજિમેન્ટની ડિલિવરી શરૂ કરી હતી. મિસાઈલ સિસ્ટમ પહેલાથી જ એવી રીતે તૈનાત કરવામાં આવી છે કે, તે ઉત્તરી સેક્ટરમાં ચીન સાથેની સરહદના ભાગો તેમજ પાકિસ્તાન સાથેની સરહદને આવરી શકે છે. ઓકટોબર ૨૦૧૮માં ભારતે જી૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ્સના પાંચ યુનિટ ખરીદવા માટે રશિયા સાથે USD પાંચ બિલિયનના સોદા ઉપર હસ્તાક્ષર કર્યા હતા. ટ્રમ્પ વહીવટીતંત્રની સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હતી કે, આ કરાર કરવાથી ઝછછ્જીછ હેઠળ યુએસ પ્રતિબંધો લાગુ થઈ શકે છે. પ્રતિબંધો અધિનિયમ અથવા CAATSA દ્વારા અમેરિકાના પ્રતિસ્પર્ધીઓનો સામનો કરવા માટેનો એક સખત યુએસ કાયદો છે જે વહીવટીતંત્રને એવા દેશો ઉપર પ્રતિબંધો લાદવા માટે અધિકૃત કરે છે કે જેઓ રશિયા પાસેથી ૨૦૧૪માં ક્રિમીઆના જોડાણ અને ૨૦૧૬ની યુએસ પ્રમુખપદની ચૂંટણીમાં તેના કથિત હસ્તક્ષેપના જવાબમાં રશિયા પાસેથી સંરક્ષણ હાર્ડવેર ખરીદે છે.

# મુનુગોડે પેટા ચૂંટણીમાં ૧૮,૦૦૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ મુખ્ય મુદ્દો બની ગયો છે



હેદરાબાદ, તા.૧૩

તેલંગાણાના મુનુગોડે વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટણી પ્રચારના કેન્દ્રમાં કોમાટિરેડ્ડી રાજગોપાલ રેડ્ડીની કંપનીને મળેલો રૂા.૧૮,૦૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ છે. સત્તાધારી રાષ્ટ્ર સમિતિ (TRS) અને વિપક્ષ કોંગ્રેસ બંને રાજગોપાલ રેડ્ડીને આ કરાર ભાજપને વેચવા બદલ તેમની નિંદા કરીને રાજકીય લાભ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તાજેતરમાં કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર રાજગોપાલ રેડ્ડી ૩ નવેમ્બરની પેટાચૂંટણી ભાજપના ઉમેદવાર તરીકે લડી રહ્યા છે. એક તેલુગુ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં રાજગોપાલ રેડ્ડીએ સ્વીકાર્યું છે કે, તેમની ઈન્ફ્રસ્ટ્રક્ચર ફર્મે રૂા.૧૮,૦૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ મેળવ્યો હતો. TRS અને કોંગ્રેસ બંને આ કરાર માટે મુનુગોડેમાં પેટાચૂંટણી લાદવા બદલ તેમની ટીકા કરી રહ્યા છે. જો કેન્દ્ર મતવિસ્તાર અને નાલગોંડા જિલ્લાના વિકાસ માટે ૧૮,૦૦૦ કરોડ રૂપિયા આપે તો સત્તાધારી પક્ષે હરીફાઈમાંથી ખસી જવાની ઓફર પણ કરી છે. ટીઆરએસના કાર્યકારી પ્રમુખ કે.ટી. રામા રાવે જણાવ્યું હતું કે, જો કેન્દ્રની ભાજપ સરકાર મુનુગોડેના વિકાસ માટે રાજગોપાલ રેડ્ડીને આપવામાં આવેલા કોન્ટ્રાક્ટ જેટલી રકમ આપશે તો ટીઆરએસ તેના ઉમેદવારને પાછા ખેંચી લેશે. કેટીઆરએ કહ્યું કે, પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ તરીકે તેઓ ઊર્જા મંત્રી જગદીશ રેડ્ડીએ આપેલા શબ્દ સાથે પ્રતિબદ્ધ છે કે જો કેન્દ્ર નાલગોંડાના વિકાસ માટે ૧૮,૦૦૦ કરોડ રૂપિયા આપે તો ટીઆરએસ તેના ઉમેદવારને પાછા ખેંચી લેશે. તેમણે કહ્યું કે, કોન્ટ્રાક્ટરને ખરીદીને ભાજપ મુનુગોડેના લોકોને કોમોડિટી તરીકે ખરીદવાની આશા રાખે છે. તેમણે આરોપ કર્યો કે રાજગોપાલ રેડ્ડીએ ભાજપ નેતૃત્વને વચન આપ્યું છે કે, તેઓ પેટાચૂંટણીમાં ૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. આ પેટાચૂંટણી નરેન્દ્ર મોદીના ઘમંડ અને મુનુગોડેના લોકોના સ્વાભિમાન વચ્ચેની લડાઈ છે. આ દરમ્યાન મતવિસ્તારમાં વોલ પોસ્ટરો સામે આવ્યા છે, જે દર્શાવે છે કે, કેવી રીતે રાજગોપાલ રેડ્ડીએ રૂા.૧૮,૦૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ મેળવ્યા પછી ભાજપ પ્રત્યે પોતાની વફાદારી બદલી હતી. આ પોસ્ટર્સ ડિજિટલ પેમેન્ટ એપના ફોર્મેટમાં આવ્યા છે, તેમાં કાલ્પનિક નામ ContractPeનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તે જાહેર કરે છે કે, કોમાટીરેડ્ડી રાજગોપાલ રેડ્ડીને ૧૮,૦૦૦ કરોડનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો. આ પોસ્ટરમાં ટ્રાન્ઝેક્શન આઈડીનો ઉલ્લેખ 'BJP18 હજાર કરોડ' છે ! તેલંગાણા પ્રદેશ કોંગ્રેસ સમિતિના સત્તાવાર ટ્વિટર હેન્ડલ ઉપરથી ભાજપ તરફથી રાજગોપાલ રેડ્ડીને ૧૮,૦૦૦ કરોડ રૂપિયાના કાલ્પનિક ડિજિટલ ટ્રાન્ઝેક્શનનો વીડિયો પણ અપલોડ કરવામાં આવ્યો હતો. ટીઆરએસએ પહેલાથી જ ભારતના ચૂંટણી પંચને રાજગોપાલ રેડ્ડીને પેટા ચૂંટણીમાંથી ગેરલાયક ઠેરવવા વિનંતી કરી છે કારણ કે, તેમને વફાદારી બદલવાની લાલચ આપવા માટે આ જંગી કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. ટીઆરએસના નેતા અને નાણામંત્રી હરીશ રાવે દાવો કર્યો હતો કે ભાજપે આ મતવિસ્તારમાં અન્ય પક્ષોના નેતાઓને ખરીદવા માટે ૨૦૦ બ્રેઝા કાર અને સેંકડો મોટરસાઈકલ બૂક કરી છે. ૮ ઓકટોબરના રોજ રાજગોપાલ રેડ્ડીએ આવા આરોપ લગાવવા બદલ દ્ઈ સામે માનહાનિનો દાવો દાખલ કરવાની ધમકી આપી હતી. ભાજપના આ નેતાએ કહ્યું કે, તેઓ તેમના આરોપને સાબિત કરવા માટે ૨૪ કલાકનો સમય આપી રહ્યા છે. રાજગોપાલ રેડ્ડીએ કેટીઆરના અગાઉના ટ્વિટ ઉપર પ્રતિક્રિયા આપી રહ્યા હતા. કેટીઆરએ તેલુગુ ટેલિવિઝન ચેનલ ઉપરની ચર્ચામાંથી એક વીડિયો ક્લિપ પોસ્ટ કરી હતી. આ ચર્ચા દરમ્યાન રાજગોપાલ રેડ્ડીએ ખુલાસો કર્યો હતો કે તેમની કંપનીને લગભગ છ મહિના પહેલા આ સ્પર્ધામાં રૂા.૧૮,૦૦૦ કરોડનો કોન્ટ્રાકટ મળ્યો હતો જ્યારે તેઓ છેલ્લા ત્રણ વર્ષથી ભાજપમાં જોડાવાની વાત કરી રહ્યા હતા.

# અભિનેત્રી કંગના રણૌત હિમાચલ પ્રદેશમાં ભાજપ માટે પ્રચાર કરશે

કુલ્લુ, તા.૧૩

હિમાલય પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીની તારીખનું એલાન થવાનું બાકી છે પરંતુ રાજકીય ગરમાવો તેજ બન્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બોલીવુડ અભિનેત્રી કંગના રનૌત હિમાચલ વિધાનસભા ચૂંટણી માટે ભાજપનો પ્રચાર કરતી નજર આવશે. પાર્ટી તરફથી તેને સ્ટાર કેમ્પેનર બનાવવામાં આવશે. આ જાણકારી જયરામ ઠાકુરે આપી છે. કુલ્લુ દશેરા સમાપનના અવસર ઉપર સીએમ જયરામ ઠાકુરે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, વિધાનસભા ચૂંટણી દરમ્યાન કંગના ભાજપ માટે પ્રચાર કરશે અને તે રેલીઓ માટે અમારી સ્ટાર પ્રચારક હશે. મંગળવારે સવારે સીએમ જયરામ ઠાકુર અચાનક મનાલીના સિમસામાં કંગના રનૌતના ઘરે પહોંચ્યા હતા. તેમની સાથે મંત્રી ગોવિંદ ઠાકુર પણ પહોંચ્યા હતા. બેઠક દરમ્યાન મુખ્યમંત્રીએ કંગના સાથે ચર્ચા કરી હતી. તેમજ સીએમ જયરામ, કંગના રનૌત, ગોવિંદ સિંહ ઠાકુર અને કંગનાના માતા-પિતાએ સાથે નાસ્તો કર્યો હતો. બેઠકની જાણ થતા જ રાજકીય ગલિયારામાં ચર્ચા શરૂ થઈ ગઈ છે કે, તે ચૂંટણી માટે ભાજપનો પ્રચાર કરી શકે છે. જો કે, તે સમયે સીએમ અને કંગના બંને તરફથી કોઈ નિવેદન આવ્યું ન હતું. હવે સીએમના એલાનથી સ્પષ્ટ થઈ ગયું છે કે, કંગના બીજેપીની સ્ટાર પ્રચારક હશે. ઘરે મુલાકાત બાદ કંગનાએ કહ્યું કે, આજે ઘરે માનનીય મુખ્યમંત્રી જયરામજી સાથે મુલાકાત થઈ. તેમની સાદગી અને હિમાચલ પ્રત્યેનો પ્રેમ બંને પ્રેરણાદાયી છે. માતાએ મુખ્યમંત્રી માટે નાસ્તો તૈયાર કર્યો હતો જે તેમણે ખૂબ જ પ્રેમથી સ્વીકાર્યો હતો. કંગનાએ કહ્યું કે મંત્રી ગોવિંદ સિંહજી મારા પાડોશી છે છતાં આટલા વર્ષોમાં આજે મને તેમને મળવાનું સૌભાગ્ય મળ્યું હતું.

# બેંગ્લુરૂમાં ઉદ્‌ઘાટનના ચાર મહિના પછી જ તૂટી ગયો સર્વિસ રોડ, કોંગ્રેસે કહ્યું; ૪૦ ટકા ભ્રષ્ટાચારનું વધુ એક ઉદાહરણ

બેંગ્લુરૂ, તા.૧૩

શહેરમાં ૧૯.૫ કરોડની પડતરથી બનાવવામાં આવેલા અંડરપાસના ભાગ તરીકે બનાવવામાં આવેલ સર્વિસ રોડ રવિવારે ધ્વસ્ત થઈ ગયો. આ ઘટના ઉદ્‌ઘાટન સમારોહના માત્ર ચાર મહિના પછી થઈ છે, જેણે કોંગ્રેસને ભાજપ સરકાર ઉપર ભ્રષ્ટાચારનો આરોપ લગાવવાની વધુ એક તક આપી દીધી છે. જો કે, કુંદનહલ્લી અંડરપાસ પર સમારકામ ચાલી રહ્યું હતું, જે પૂર્વ ઉપનગરોને આઈટી હબના અન્ય ભાગો સાથે જોડે છે. ઘટનાના સંબંધમાં અધિકારીઓએ ઓન કેમેરા કોઈ વાત કહી નથી પરંતુ સિવિક બોડીની સિગ્નલ ફ્રી કોરિડોર યોજના પર કામ કરી રહેલા કાર્યકારી એન્જિનિયરિંગ જેમાંથી આરોડનો એક ભાગ છે. તેમણે જણાવ્યું, રોડ પર તિરાડ પડી કારણ કે, નીચે એક પાઈપ તૂટી ગઈ અને પાછલા કેટલાક દિવસોમાં પાણીનું ગળતર થયું માટે માટી ઢીલી થઈ ગઈ. પાઈપલાઈનનું સમારકામ બેંગ્લુરૂ જળ સપ્લાઈ અને સિવરેજ બોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે. જે ભૂમિગત ઉપયોગિતાઓ માટે જવાબદાર છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, તૂટવાથી કેટલાક વિસ્તારોમાં કાવેરી નદીનું જળ સપ્લાઈ ૨૪ કલાક સુધી પ્રભાવિત રહ્યું. પરંતુ તૂટેલા રસ્તાના સમારકામમાં થોડાક દિવસ લાગશે. કોંગ્રેસ નેતા નાગરાજ યાદવે જણાવ્યું કે, ૪૦ ટકા ભ્રષ્ટાચારનું વધુ એક ઉદાહરણ છે જે સરકાર દ્વારા કોન્ટ્રાક્ટોમાં કથિત લાંચના સંદર્ભમાં છે. જો કે, સરકારે આ પ્રકારના આરોપોને નિરાધાર રાજનૌતિક પ્રતિરોધ તરીકે નકારી દીધો છે.

# કેવી રીતે રાજકીય દખલ ભારતીય યુનિવર્સિટીઓમાં શૈક્ષણીક સ્વતંત્રતાને નુકશાન પહોંચાડી રહી છે

## કેમ્પસમાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો કેવી રીતે કાર્ય કરે છે અને વિચારે છે તેને નિયંત્રિત કરવા, ચાલાકી કરવા અને નિર્દેશિત કરવા માટે રાજ્ય વ્યવસ્થિત રીતે અને ઘણી વખત નિર્દયતાથી પ્રયાસ કરે છે

ગયા મહિને એક કોન્ફરન્સમાં, હું અમારી પ્રતિષ્ઠિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના ડિરેક્ટરને મળ્યો. પોતે એક ઉત્તમ વૈજ્ઞાનિક અને ઉત્તમ પ્રશાસક છે, તેમણે મને કહ્યું કે આઠ આઈઆઈટીમાં હાલમાં ડિરેક્ટરો નથી. દરેક કિસ્સામાં, અગાઉના હોદ્દેદારની મુદત પૂરી થઈ ગઈ હતી, અને સર્ચ કમિટીની રચના કરવામાં આવી હોવા છતાં, કોઈ પણ સંજોગોમાં ભલામણ કરાયેલ ઉમેદવારના નામને ભારત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી ન હતી. આ એટલા માટે હતું કારણ કે આઠ પસંદ કરેલા ઉમેદવારોના વ્યક્તિગત અને બૌદ્ધિક માર્ગો સ્પષ્ટ થાય તે પહેલાં દેખીતી રીતે ''નાગપુર'' દ્વારા ચકાસણી કરવામાં આવી રહી હતી.

આ અંધકારમય અર્થપૂર્ણ શબ્દ, ''નાગપુર'', IT ડિરેક્ટર દ્વારા કટાક્ષની ભાવનામાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. જો કે, તેમણે જે પણ કહ્યું તે બધામાં ઉદાસી દેખાઈ આવતી હતી. પબ્લિક યુનિવર્સિટી સિસ્ટમમાં તેમના બહોળા અનુભવથી વૈજ્ઞાનિક જાણતા હતા કે ઉચ્ચ શિક્ષણ સાથે રાજકીય દખલગીરી નરેન્દ્ર મોદી સરકાર સાથે શરૂ થઈ નથી. ભૂતકાળના શાસનોએ પણ મનપસંદ ભૂમિકા ભજવી હતી, જેમાં શિક્ષણ મંત્રીઓ ઘણી વખત સૂક્ષ્મ રીતે (અથવા એટલા સૂક્ષ્મ રીતે નહીં) સર્ચ કમિટીઓને નિર્દેશ આપતા હતા કે આ અથવા તે વ્યક્તિને કેન્દ્રીય યુનિવર્સિટીમાંથી કોઈ એકના વાઈસ ચાન્સેલર તરીકે અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના વરિષ્ઠ અધિકારી તરીકે પસંદ કરો. જો કે, પ્રથમ વખત, આવી દખલગીરી હવે પ્રતિષ્ઠિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના આંગણા સુધી પહોંચી છે. આઈઆઈટી અને આઈઆઈએમના ડિરેક્ટરોની પસંદગી માટે હવે વૈજ્ઞાનિક કુશળતા અને વહીવટી અનુભવ એકમાત્ર માપદંડ નથી; તેના બદલે, સંઘ પરિવાર સાથે વૈચારિક જોડાણ પણ માંગવામાં આવ્યું હતું.

**બૌદ્ધિક વિરોધી સરકાર**

૨૦૧૫માં પ્રકાશિત થયેલા એક નિબંધમાં, મેં નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારને આ દેશે જોયેલી ''સૌથી વધુ બૌદ્ધિક વિરોધી'' સરકાર ગણાવી હતી. આ અવલોકન પ્રભાવશાળી હતો, જે ભારતીય જનતા પાર્ટીના અગ્રણી રાજકારણીઓ (વડાપ્રધાન સહિત) દ્વારા તેમના કાર્યાલયના પ્રથમ થોડા મહિનામાં આપેલા નિવેદનો ઉપર આધારિત હતો, તેમ છતાં તે પછીની સાત વર્ષની ઘટનાઓ દ્વારા મજબૂત રીતે આને પુષ્ટિ મળી છે. આપણી ITs અને IMs સાથે જે કરવામાં આવી રહ્યું છે તે ખૂબ વ્યાપક વલણનું લક્ષણ છે, જેમાં રાજ્ય ભારતીય યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો કેવી રીતે વર્તે છે અને વિચારે છે તેના ઉપર નિયંત્રણ, ચાલાકી અને નિર્દેશન કરવા માટે વ્યવસ્થિત રીતે અને ઘણી વખત નિર્દયતાથી - પ્રયાસ કરે છે. મુક્ત વિચાર અને ખુલ્લી ચર્ચાને નિરૂત્સાહિત કરવામાં આવે છે અને કેટલીકવાર પ્રતિબંધિતર પણ હોય છે. તેના બદલે, વડા પ્રધાન અને શાસક પક્ષના વૈચારિક અને રાજકીય એજન્ડા સાથે સુસંગતતા માટે કહેવામાં આવે છે.

તાજેતરના વર્ષોમાં ભારતીય રાજ્ય દ્વારા તેમજ રાજકીય કાર્યકરો દ્વારા બૌદ્ધિક સ્વતંત્રતા ઉપરના હુમલાઓને દિલ્હી યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ દ્વારા સંકલિત કોષ્ટકોના સમૂહમાં દસ્તાવેજીકૃત કરવામાં આવ્યા છે. આ વિદ્વાનોએ છ શ્રેણીઓમાં તેમના તારણોને કોષ્ટકમાં મૂક્યા છે, જેમ કે નીચે સમજાવ્યું છે.

કોષ્ટક ૧ માં પુસ્તકોના કિસ્સાઓ છે જે કોઈ ચોક્કસ ધાર્મિક જૂથના સિદ્ધાંતો અને પૂર્વગ્રહોને કારણે તેમનું અપમાન કરવા યુનિવર્સિટીના અભ્યાસક્રમમાંથી અથવા તો જાહેર વિતરણમાંથી પણ પાછા ખેંચી લેવામાં આવ્યા છે કારણ કે. આ રીતે સત્તાવાર રીતે ''રદ'' કરાયેલા લેખકોમાં મહાન અમેરિકન ઈન્ડોલોજિસ્ટ, વેન્ડી ડોનિગર અને વખણાયેલી બંગાળી નવલકથાકાર મહાશ્વેતા દેવીનો સમાવેશ થાય છે.

કોષ્ટક ૨ એવા કિસ્સાઓની યાદી આપે છે કે જ્યાં વિદ્યાર્થીઓ અથવા ફેકલ્ટી સભ્યો દ્વારા આયોજિત સેમિનાર કાં તો સત્તાવાળાઓ દ્વારા રદ કરવામાં આવ્યા છે અથવા રાજકીય આંદોલનકારીઓ દ્વારા વિક્ષેપિત કરવામાં આવ્યા છે, આ સામાન્ય રીતે હિંદુ અધિકારના કાર્યકરો છે. આ ટેબલમાં આ પ્રકારની ૬૯ જેટલી ઘટનાઓ છે. ડીસેમ્બર ૨૦૧૪માં પુણેમાં પુરસ્કાર વિજેતા દસ્તાવેજી ફિલ્મ નિર્માતા આનંદ પટવર્ધન દ્વારા કરવામાં આવેલ ફિલ્મની સ્ક્રીનીંગનો તેમાં સમાવેશ થાય છે; ફેબ્રુઆરી ૨૦૧૬ માં ઝારખંડની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રી, પ્રોફેસર એમ.એન. પાણિની દ્વારા એક વાર્તાલાપ (તેનાં આધારે રદ કરવામાં આવ્યું કે પ્રોફેસરે પોતે અવિચારી રીતે બિન- રાજકીય હોવા છતાં, એકવાર જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં ભણાવ્યું હતું); ચંદીગઢમાં જાન્યુઆરી ૨૦૧૮માં દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર અપૂર્વાનંદ દ્વારા ગાંધી અને સાંપ્રદાયિક સંવાદિતા પર એક વાર્તાલાપ (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિદ્યાર્થી પાંખ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા વિક્ષેપિત); માર્ચ ૨૦૨૧ માં દિલ્હી યુનિવર્સિટીમાં મહિલા દિવસની ઈવેન્ટ, એબીવીપી દ્વારા પણ વિક્ષેપિત કરવામાં આવી હતી, જે આવા કિસ્સાઓમાં સીરીયલ (અને લગભગ હંમેશા સજા વિનાના) ગુનેગાર છે.

કોષ્ટક ૩ જાહેર યુનિવર્સિટીઓના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ સામે ગુનાહિત આરોપોના કેસોની યાદી આપે છે જે તેઓએ આપેલા નિવેદનો માટે કે જેને રાજ્ય બદનક્ષીભર્યું અથવા તો ''રાષ્ટ્ર વિરોધી'' ગણાવે છે. અહીંના સાડત્રીસ ઉદાહરણો સામાન્ય મુદ્દાઓને આવરી લે છે જેના વિષે વર્તમાન શાસન ખાસ કરીને માનસિક બીમાર છે, ખાસ કરીનેઃ કાશ્મીર, હિંદુ દેવતાઓની છબીઓ, નાગરિકતા (સુધારો) કાયદો અને તેથી વધુ.

કોષ્ટક ૪ દસ્તાવેજોમાં ૩૯ ભારતીય યુનિવર્સિટીઓના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ સામે શારીરિક હુમલાના અલગ-અલગ કિસ્સાઓ છે. તેમાં ઉજ્જૈનમાં એક પ્રોફેસરના મૃત્યુનો સમાવેશ થાય છે જે જમણેરી વિદ્યાર્થીઓ દ્વારા હુમલો કર્યા બાદ થયેલી ઈજાઓને કારણે થાય છે; ૨૦૧૫ માં ધારવાડમાં વ્યાપકપણે આદરણીય વિદ્વાન, પ્રોફેસર એમએમ કલબુર્ગીની હત્યા; બનારસ હિંદુ યુનિવર્સિટીમાં સંસ્કૃત શિક્ષકનો બહિષ્કાર અને તેમની બળજબરીપૂર્વક બદલી કરવામાં આવી કારણ કે તે મુસ્લિમ હતા અને વગેરે વગેરે. પ્રોફેસરો ઉપર દબાણ

કોષ્ટક ૫ એવા કિસ્સાઓની યાદી આપે છે કે જ્યાં પ્રોફેસરોને તેઓની જે જગ્યા માટે નિમણૂંક કરવામાં આવી હતી ત્યાં શિક્ષણની કાર્ય કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી તેમજ રાજકીય દબાણને કારણે વિદ્વાનોએ બળજબરીથી રાજીનામું આપવું પડ્યું હતું. (સંપૂર્ણ ખુલાસોઃ આ કેટેગરીના બે ડઝન કિસ્સાઓમાંથી એક વર્તમાન લેખકનો સમાવેશ થાય છે, જેઓ ભાજપ અને એબીવીપી દ્વારા સંચાલક મંડળ ઉપર દબાણને કારણે અમદાવાદ યુનિવર્સિટીમાં પદ સંભાળી શક્યા ન હતા).

કોષ્ટક ૬, આ શ્રેણીનો અંતિમ એક, વિદેશી વિદ્વાનોને ભારતમાં પ્રવેશતા અથવા ભારતમાં શૈક્ષણિક પરિષદોમાં બોલતા અટકાવ્યા હોવાના કિસ્સાઓની ગણતરી કરે છે. કમ્પાઈલર્સ ટિપ્પણી કરે છે કે ''આ સૂચિ સૌથી ઓછી વ્યાપક છે કારણ કે વિદેશી શિક્ષણવિદો ભવિષ્યમાં વિઝા નકારવાના ડરથી તેમની વિઝા સમસ્યાઓ વિષે બોલવામાં અચકાતા હોય છે. આફ્રિકન વિદ્યાર્થીઓ સામે જાતિવાદની ઘણી ઘટનાઓ પણ બની છે જે અમે અહીં સૂચિબદ્ધ કરી નથી. એકંદરે, વર્તમાન વાતાવરણ વિદેશી વિદ્વાનો માટે આવકારદાયક નથી.'' પ્રોફેસર નંદિની સુંદર દ્વારા લખાયેલ અને ધ ઈન્ડિયા ફોરમ નામની ઉત્કૃષ્ટ વેબસાઈટમાં પ્રકાશિત થયેલ દેશમાં શૈક્ષણિક સ્વતંત્રતા ઉપરનો સ્ટેટસ રિપોર્ટ પણ આ સંદર્ભમાં મૂલ્યવાન છે.

શૈક્ષણિક સ્વતંત્રતા માટેના જોખમોના તેમના દસ્તાવેજીકરણમાં, દિલ્હી યુનિવર્સિટીના સમાજશાસ્ત્રીઓએ શક્ય તેટલું વ્યાપક તેમજ બિન પક્ષપાતી બનવાનો પ્રયાસ કર્યો છે. તેઓના દસ્તાવેજોમાં ક્યારેક બિન- ભાજપ શાસન સામેલ હોય છે (જેમ કે જ્યારે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની સરકારે મુખ્ય પ્રધાનનું કાર્ટૂન પ્રકાશિત કરવા બદલ જાદવપુર યુનિવર્સિટીના ફેકલ્ટીને હેરાન કરીને પોતાને બદનામ કર્યા હતા). જો કે, ભાજપ દ્વારા સંચાલિત સરકારો, રાજ્યો તેમજ કેન્દ્રમાં, શૈક્ષણિક સ્વતંત્રતાની ખાતરી ન આપવા માટે દોષનો અપ્રમાણસર હિસ્સો ભોગવે છે, પછી ભલે તેઓ પોતાની રીતે કાર્ય કરે કે ABVPના ગુસ્સે અને અપમાનજનક યુવાનો સાથે મળીને. આ વર્ષે મારી માતૃસંસ્થા, દિલ્હી યુનિવર્સિટીની શતાબ્દી છે. વિવેચનાત્મક વિચારસરણી અને વિચારોના આદાનપ્રદાનમાં મારી પોતાની રૂચિ આ યુનિવર્સિટીને ર આભારી છે. દિલ્હી યુનિવર્સિટીમાં પાંચ વર્ષ પછી, હું કલકત્તામાં કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવતી સંસ્થામાં પીએચડી કરવા ગયો. પછીના વર્ષોમાં, મેં બેંગ્લોર, કલકત્તા અને નવી દિલ્હીમાં ચાર જુદી જુદી જાહેર સંસ્થાઓમાં કામ કર્યું. ભારતીય યુનિવર્સિટી પ્રણાલી દ્વારા જેનું જીવન અને કારકિર્દી ખૂબ જ નોંધપાત્ર રીતે ઘડવામાં આવી છે તે વ્યક્તિ તરીકે, હું શૈક્ષણિક સ્વતંત્રતા પરના આ તીવ્ર હુમલાઓને દુઃખ અને નિરાશા સાથે જોઉં છું. જ્યારે જાહેર યુનિવર્સિટીઓએ આ હુમલાનો ભોગ બનવું પડ્યું છે, ત્યારે ખાનગી યુનિવર્સિટીઓ પણ તેમાંથી મુક્ત રહી નથી. શાસક પક્ષના રાજકારણીઓના પ્રતિશોધના ડરથી, તેઓએ પણ તેમની ફેકલ્ટીની બૌદ્ધિક સ્વતંત્રતા ઉપર અંકુશ લગાવવાનો પ્રયાસ કર્યો છે. એક ખાનગી યુનિવર્સિટી તેના સ્ટાફની સોશિયલ મીડિયા પોસ્ટિંગ ઉપર નજર રાખે છે અને સેન્સર કરે છે. બીજાના વાઈસ ચાન્સેલર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતાઓ સાથે ગાઢ સંબંધો કેળવે છે. શાંતિ ખરીદવાના આ પ્રયાસો એક લપસણા ઢોળાવને નીચે લઈ જાય છે, જે આખરે આત્મસમર્પણ તરફ દોરી જાય છે. હું હવે ભારતીય યુનિવર્સિટીને લગભગ ૫૦ વર્ષથી ઓળખું છું - એક વિદ્યાર્થી, સંશોધક, શિક્ષક અને નિરીક્ષક તરીકે. હું ક્યારેય જાણતો ન હતો કે, આંતરિક અને બાહ્ય ધમકીઓના બોજ સામે તે આટલી નાજુક હશે, જેમ કે તે હવે છે. કટોકટી પછીના કોઈપણ સમય કરતાં, સ્વતંત્ર વિચારસરણી માટે, શિક્ષણ અને મૂળ સંશોધનની શોધ માટે વાતાવરણ ઘણું ઓછું અનુકૂળ છે. આ પરિસ્થિતિમાં, કોઈ પણ વ્યક્તિ રાજ્ય ઉપર, અથવા તો ભારતીય રાજકારણીઓ અને તેમના ગુંડાગીરીના રસ્તાઓ ઉપર પણ તમામ દોષ ન લગાવી શકે. ખુદ યુનિવર્સિટીઓના સંચાલકો પણ દોષિત છે, તે વાઈસ ચાન્સેલરો અને ડિરેક્ટરો કે જેઓ રાજ્યની ધમકીઓ અને તેનાથી પણ વધુ દુઃખની વાત એ છે કે ગુંડાઓ સામે ખૂબ જ સરળતાથી શરણાગતિ પામ્યા છે. તેથી ભારતીય યુનિવર્સિટીનું નવીકરણ, તેને ચલાવવાની જવાબદારી ધરાવતા લોકોની કરોડરજ્જને મજબૂત બનાવવા ઉપર નિર્ભર છે.

# આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત જૂનાગઢમાં ડો.સુભાષ યુનિવર્સીટી ખાતે હેકાથોન ૨૦૨૨-૨૩ યોજાઈ




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ ગુજરાત નોલેજ સોસાયટી **SSIP** ગુજરાત દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન ૨૦૨૨-૨૩ ના રીજીયોનલ રાઉન્ડનું આયોજન ડો.સુભાષ યુનિવર્સીટી જૂનાગઢ ખાતે તા.૭ મી અને ૮મી ઓકટોબર ૨૦૨૨ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં વિવિધ કોલેજોના ઈજનેરી શાખાના વિદ્યાર્થીઓની ટીમોએ અન્ય ગવર્મેન્ટ અને પ્રાઈવેટ ઓર્ગેનાઈઝેશનનોની ટેકનીકલ સમસ્યા ઉકેલમાટે સ્પર્ધામાંસતત ૩૬ કલાક ટીમવર્ક કરી કોમ્પ્લેક્ષ ઈજનેરી અને ઔદ્યોગિક સોલ્યુસન મેળવવાનો પ્રયત્ન કરેલ હોય આ વિકસીત રાષ્ટ્રમાં નવયુવાનો દ્વારા નવા વિચારોસાથે નવીનતા કે નવી પ્રોસેસ ઉપર ભારમુકયો હતો. નોનસ્ટોપ ૩૬ કલાક ચાલનારી આ ઈવેન્ટમાં કુલ ૫૯ ટીમોના ૩૫૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈજનેરી વિદ્યાર્થીઓને નવા ઈનોવેટીવ સોલ્યુશન પ્રોવાઈડ કરવાની તક આ હેકાથોન દ્વારા મળી હતી. ગુજરાત રાજય સરકાર પ્રેરીત વિદ્યાર્થી કેન્દ્રી ઈનોવેશન ઈકો સિસ્ટમ ઉભી કરવાના હેતુ માટેના સુચવેલ મિકેનીકલ, સિવીલ, ઈલેકટ્રોનીકસ, કોમ્પ્યુટર, આઈટી, પર્યાવરણ, ઈલેકટ્રીકલ અને કેમિકલ એન્જીનીયરીંગ બ્રાન્ચ સંબંધીત પ્રોબ્લેમ સોલ્વ કરવાનો આ એક પ્રકારનો મહાયજ્ઞ હતો.

સમગ્ર સૌરાષ્ટ્રની તમામ ઈજનેરી અને ડીપ્લોમા સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ટીમોએ તેઓના સિલેકટ કરેલ ઔદ્યોગિક પ્રોબ્લેમોના સોલ્યુશન મેળવવા માટે સ્પર્ધામાં પોતાની બુધ્ધી પ્રતિભા અને કૌશલ્ય રજુ કર્યુ હતું. આ પ્રાદેશિક સ્તરની મેગા ઈવેન્ટ આયોજીત કરવા ડો.સુભાષ યુનિવર્સીટી જૂનાગઢને પસંદ કરવામાં આવી તે બદલ અમે ગુજરાત સરકારના આભારી છીએ તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ગુજરાત સ્થિત કેટલબરી વસીસીએ તેનું પ્રથમ ફંડ ૪૦ કરોડ રૂપિયાનું કર્યુ

## આ ફંડનો ઉદેશ્ય અનુભવી આંત્રપ્રેન્ચોર અને ચોકકસ ક્ષેત્રોના નિષ્ણાંતો ધરાવતી કંપનીનું સહનિર્માણ કરવાનો છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૧૩

સીડઈન્વેસ્ટર નિસર્ગશાહના નેતૃત્વ હેઠળની ગુજરાત સ્થિત પ્રારંભિક તબકકાની વેન્ચર કેપિટલ (વીસી) કેટલબરી વીસીએ તેના પ્રથમ વીસી ફંડને લોન્ચ કરવાની જાહેરાત કરી આ ફંડમાં અનુભવી વ્યવસાયિકો, ઉદ્યોગ સાહસિકો તેમજ સ્ટાર્ટઅપના સ્થાપકો ધરાવતા લિમિટેડ પાર્ટનર્સ (એલપી) તરફથી ૪૦ કરોડ રૂપિયાની મુડી કટીબધ્ધતાઓપ્રાપ્તથઈ હતી. આ ફંડ ફાઉન્ડર માર્કેટ ફિટ અભિગમને કેન્દ્રમાં રાખીને અનુભવી આંત્રપ્રેન્ચોર અને ચોકકસ ક્ષેત્રના નિષ્ણાંતોની આગેવાની હેઠળના ટેકનોલોજી-કેન્દ્રી સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરશે.

પ્રારંભિક તબકકામાં રહેલા ટેકનોલોજી દ્વારા સંચાલિત આશાસ્પદ ઉદ્યમોમાં રોકાણ કરવા અને તેમના સ્થાપકોની સાથે આ ઉદ્યમોનું ઘડતર કરવામાં તેમનેમદદરૂપ થવાના ઉદેશ્યની સાથે વર્ષ ૨૦૨૧ ના અંતમાં અમદાવાદ સ્થિત રોકાણકાર નિસર્ગ શાહ દ્વારા એક સીલો જનરલ પાર્ટનર (જીપી) તરીકે કેટલબરી વીસીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં કેટલબરી વીસીએ વિવિધ ક્ષેત્રના પાંચ સ્ટાર્ટઅપમાં રોકાણ કર્યુ છે. જેમાં મેટ્રીકસની સાથે ઝીપમેટ અને ઝેફર પીકોક, કાલારીની સાથે ઝોકેટ તથા લીયો અને ચિરાતેની સાથે બાઈટલર્નનો સમાવેશ થાય છે અને આગામી મહિને ઈન્ફોએજ અને કોઈની સાથે વધુ બે રોકાણ થવા જઈ રહયા છે. આ ફંડ આગામી ૧૨ મહિનામાં કંપની દીઠ ૧ થી ૨ કરોડ રૂપિયા વચ્ચેની ટીકીટ સાઈઝ ધરાવતી પ્રારંભિક તબકકાની ૮-૧૦ કંપનીઓમાં રોકાણ કરવાનું આયોજન કરી રહયું છે. આ સિવાય તે તેની પોર્ટફોલીયો કંપનીઓના ફોલોઓન રાઉન્ડસમાં પણ નોંધપાત્ર રીતે ભાગ લેશે.

કેટલબરી વીસીના જીપી અને સ્થાપક નિસર્ગ શાહે જણાવ્યું હતું કે, અમે જેમાં રોકાણ કરવા માંગીએ છીએ તેવા ઉદ્યમોને ઓળખવામાં ફાઉન્ડર -માર્કેટ ફિટ અભિગમ સૌથી મહત્વનો છે. અમે પ્રારંભિક તબકકાના સ્ટાર્ટઅપ્સ સાથે ડીલ કરી રહયા હોવાથી અમે શરૂઆતના તબકકેથી જ સ્થાપકોમાં તેમના ઉદ્યમ અને માર્કેટ અંગે સ્વતંત્ર પ્રતિતિ ઘડવાનો પ્રયત્ન કરીએ છીએ. અમારી આઈડીયા સંબંધીત પાર્ટનરોને સાથે લેવાનો તથા રેવન્યુ મોડલ ઉપર ઉંડી સમજણની સાથે પ્રારંભિક તબકકાના ઉદ્યમોમાં મૂલ્યવર્ધન કરવાનો છે જેથી કરીને ઉભરી રહેલા રોકાણકારો આ કંપનીઓ સાથે વ્યવસાયિક સહભાગીદારી કરી શકે.

# ગિરનારની લીલી પરિક્રમા કેમ કરેછે તે વિષે આશરે ૨૪૦૦૦ વર્ષ પહેલા એક વાર્તા છે




ગિરનારની લીલી પરિક્રમા વિશ્વભરમાં કેમ કરે છે તે વિશેઆશરે ૨૪૦૦૦ વર્ષો પહેલાં એક વાર્તા છે. લગભગ ૩૦૦૦૦ વર્ષ પહેલાં પૃથ્વીની ગતિ પ્રતિ કલાક ૨૫૦૦૦ કિ.મી. હતી. દક્ષિણ ભારતીય સાહિત્યમાં ઉલ્લેખ છે કે, તેમાં પર્વતને પાંખો હતી. બ્રહ્મા ભગવાન પૃથ્વીની યોજના કરતી વખતે તેઓએ પર્વતની પાંખો કાપી નાખી જેથી પવનની ગતિ પ્રતિ કલાક ૨૦ થી ૧૦૦ કિ.મી. થઈ ગઈ. તે સમયે ગિરનારનો પર્વત દરિયામાં છુપાયેલો હતો.

ગિરનાર હિમાલયનોપુત્ર છે તેથી તે માતા પાર્વતીના ભાઈ થાય. માતા પાર્વતી અને શિવનો લગ્ન સમારોહ ૨૦૦૦૦ વર્ષ પહેલાં હિમાલયમાં થયો હતો તેની બહેનનાં લગ્ન મા હિમાલય જવા માટે ગિરનાર દરિયાની બહાર નીકળ્યો અને સમુદ્રથી માત્ર ૫૦ કિ.મી. દૂર જમીન પર સ્થિર થયો. ગિરનાર ને હિમાલય જવા માટે કોઈ શક્ય ન થયું. તેથી આગામી ત્રિપુરી પૂર્ણિમા પર માતા પાર્વતી ભગવાન શિવ સાથે ગિરનાર આવ્યા શિવ પાર્વતીના લગ્નમાં સર્વ ભગવાન રૂષિ મુનિ, નવગ્રહ અષ્ટ સિધ્ધિ નવનીધી ૫૨ વીર ૬૪ દેવી ૧૧ જળદેવતા, નવનાગ, અષ્ટ વસુ, કુબેર ભંડારી તે બધા શિવ પાર્વતી સાથે ૪ દિવસ ગિરનાર ની પરિક્રમા કરી.

તે સમય દરમ્યાન બધા દેવતાઓ ગિરનારના જંગલમાં રહ્યા હતા. અને ત્યારથી આજે પણ કાર્તિક એકાદશીથી કાર્તિક પૂર્ણિમા સુધી તમામ દેવી-દેવતાઓ ગિરનાર પર્વત ના જંગલ ના માર્ગમાં રોકાય છે. અને આ હેતુ માટે આજે પણ તે જ પરમ્પરા રીતે જ ગિરનારની લીલી પરિક્રમા કરવામાં આવે છે. અને લાખો ની સંખ્યા મા લોકો પરિક્રમા મા આવે છેપ.જય ગિરનારી દિવાળી પછી એટલે કે કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી ગિરનાર પર્વતને ફરતે કરવામાં આવતી પ્રદક્ષિણા ને ગિરનાર ની પરિક્રમા કહેવામાં આવે છે. ચોમાસા પછી હરિયાળીથી ભરેલ ગિરનાર પર્વત ફરતે કરવામાં આવતી આ પરિક્રમાને દેશી ભાષામાં લીલી પરકમ્મા પણ કહેવામાં આવે છે. વર્તમાન સમયમાં શ્રદ્ધાળુઓ કારતક સુદ અગિયારસના રોજ ભવનાથ તળેટી એ રાત્રી રોકાણ કરી બીજા દિવસે સવારે દૂધેશ્વર મહાદેવ ની જગ્યા પાસેથી શરૂ થતા પરિક્રમાના રસ્તે ચાલી નીકળે છે. સૌ પ્રથમ જીણાબાવાની મઢીએ વિસામો લઈ સરકડીયા હનુમાન, સુરજકુંડ, પાટનાથ થઈ માળવેલા રાત્રિ રોકાણ કરે છે. ત્રીજા દિવસે સવારે શ્રવણવડ, વાસંતીનાગ, હેમાજળીયા કુંડ થઈને બોરદેવી માતાજીની જગ્યામાં રાત્રિ રોકાણ કરે છે. ચોથે દિવસે બોરદેવી થી દૂધવન ઢોળાવાળી ખોડીયાર પર્વતની ઘોડી ચઢીને ગિરનારની સીડી પાસે તળેટીમાં પરિક્રમા પૂર્ણ કરે છે.

### યાત્રાધામ દ્વારકામાં નવા વરાયેલા

# દ્વારકા શારદાપીઠના શંકરાચાર્યપીઠાધિરોહણ અને મહાભિનંદન પ્રસંગ અનુલક્ષીને નગરમાં ભક્તો કરતાં સુરક્ષકો વધારે!

(સુરેશચંદ્ર એસ. ધોકાઈ દ્વારા)

દ્વારકા તા. ૧૩

જગપ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકા માંઆવેલ દેશ ની ચાર શંકરાચાર્યો ની ચાર પીઠ પૈકીની એક શારદાપીઠના નવા વરાયેલા દ્વારકા શારદાપીઠાધિશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજીમહારાજનો દ્વારકામાં ૭૯માં શંકરાચાર્યના રૂપમાં પ્રતિષ્ઠિત થયા માટે તેનો મહાઅભિનંદન સમારોહ અને તે અનુલક્ષીને ગત તા. ૧૦.૧૦.૨૦૨૨ થી ૧૫.૧૦.૨૦૨૨ સુધીના સમય માટે પધારેલ અલગ-અલગ શંકરાચાર્યપીઠના પીઠાધિશ્વરો અને દેશ-વિદેશના ભક્તો-નેતાઓ-રાજયની આગામી ચુંટણીને અનુલક્ષીને આશીર્વાદ લેવા પધારતા નેતાઓની વ્યવસ્થા-અને આગામી તહેવારોના દિવસાને અનુલક્ષીને સુરક્ષા અર્થે હાલ દ્વારકામાં જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હોય, હાલ દ્વારકામાં ભક્તો કરતાં સુરક્ષકોની સંખ્યા મંદિર અને નગરમાં વધુ દેખાય છે.!



હાલમાં શારદાપીઠના નવા વરાયેલા દ્વારકા શારદાપીઠાધિશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી સદાનંદસરસ્વતીજી મહારાજનો દ્વારકામાં ૭૯ માં શંકરાચાર્યના રૂપમાં પ્રતિષ્ઠિત થયા માટે તેનો મહાઅભિનંદન સમારોહ અને તે અનુલક્ષીને અનંત શ્રી વિભૂષિત જયોતિપીઠાધિશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી અવિમુકતેશ્વરાનંદ સરસ્વતીજી મહારાજ અનંત શ્રી વિભૂષિત શૃંગેરી શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય શ્રી વિધુશેખર ભારતીજી મહારાજ અહીં એક સપ્તાહ માટે પધાર્યા છે.

જયારે આગામી દિવસોમાં યોજાનારી રાજયની વિધાનસભાની સામાન્ય ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે મતદારોને પોતાના કાર્યોની ગૌરવગાથા દર્શાવવા માટે ભારતીય જનતા પાર્ટીની ''ગુજરાત ગૌરવયાત્રા''નો પ્રારંભ દ્વારકાથી તા.૧૨.૧૦.૨૦૨૨ ના કરવા માટે પાર્ટી પ્રમુખ જે.પી. નડ્ડા અને કંઈક કેટલાય નેતાઓ દ્વારકામાં ધામા નાખી પડ્યા છે. અને આગામી તા.૧૪.૧૦.૨૦૨૨ ના રોજ કેન્દ્રના ગૃહમંત્રી અમિતભાઈ શાહ પણ શારદાપીઠના નવા વરાયેલા દ્વારકા શારદાપીઠાધિશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી સદાનંદસરસ્વતીજી મહારાજનો દ્વારકામાં ૭૯ માં શંકરાચાર્યના રૂપમાં પ્રતિષ્ઠિત થયા માટે તેનો મહાઅભિનંદન સમારોહમાં હાજરી આપવા આવી રહયા હોય હાલ દ્વારકામાં ભક્તોના બદલે રક્ષકોની ભીડ બહુ હોય તેવો ઘાટ ઘડાયેલ છે અને તે કારણે દૂર દૂરથી આવતા સાચા ભક્તોને સાચા અર્થમાં દર્શન કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યાનું બહાર આવેલ છે.

# ૨૦ જેલના કેદીઓએ દેશની સૌ પ્રથમ રાષ્ટ્રીય ઓનલાઈન ચેસ ટુર્નામેન્ટમાં ભાગ લીધો

## ઈન્ડીયન ઓઈલ દ્વારા તેની પ્રિઝન ટુ પ્રાઈટ પહેલ : પરિવર્તન હેઠળ કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૩

ઈન્ડીયન ઓઈલ દ્વારા સૌ પ્રથમ વખત સમગ્ર દેશની ૨૦ જેલોના કેદીઓ માટે રાષ્ટ્રીય ઓનલાઈન ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ઈન્ડીયન ઓઈલે ઓલ ઈન્ડીયા ચેસ ફેડરેશન (એઆઈસીએફ)ના સહયોગથી તેની વિશિષ્ટ સામાજીક પહેલ-પરિવર્તન પ્રિઝન ટુ પ્રાઈડ હેઠળ આ ટુર્નામેન્ટનું આયોજન કર્યુંછે. આ ટુર્નામેન્ટમાંથી પુરૂષ કેટેગરીમાંથી બે અને મહિલા તથા જુનિયર કેટેગરીમાંથી એક ટીમ ૧૩-૧૪ ઓકટોબર ૨૦૨૨ના રોજ વર્લ્ડ ચેસ ફેડરેશન દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય ચેસ ફોર ફિડમ ટુર્નામેન્ટમાં ભારતીય કેદીઓનું પ્રતિનિધિત્વ કરશે.

ઈન્ડીયન ઓઈલના માનવ સંશાધનના આઈ/સી એકિઝકયુટીવ ડિરેકટર યુ.પી.સિંહે ઓનલાઈન ટુર્નામેન્ટનું ઉદઘાટન કર્યુ હતું. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ચેસ ફેડરેશન ફિડેના મેનેજીંગ ડિરેકટર ડાના ઓઝલ રૈઝનીસી અને એશિયન ચેસ ફેડરેશનના નાયબ પ્રમુખ ભરતસિંહ ચૌહાણે હાજરી આપી હતી. આ પ્રસંગે ઈન્ડીયન ઓઈલના વરીષ્ઠ અધિકારીઓ, વિવિધ જેલોના સત્તાવાળાઓ, ચેસ કોચીસ, ચેસ આર્બિટર્સ, ઈન્ડીયન ઓઈલ ચેસ ગ્રાન્ડમાસ્ટર્સ અને જેલના કેદીઓએ પણ ટુર્નામેન્ટમાં હાજરી આપી હતી. આ તકે યુપીસિંહ તેમના ઉદ્ઘાટન સંબોધનમાં જણાવ્યું હતું કે, ઈન્ડીયન ઓઈલે ૧૫મી ઓગસ્ટે ૨૦૨૧ના રોજ જેલના કેદીઓના જીવનમાં પરિવર્તન લાવવાનું સપનું જોયું હતું. કોચીસ, જેલના અધિકારીઓ, આર્બિટર્સ, ઈન્ડીયન ઓઈલન સ્ટાર સ્પોટર્સ પર્સન્સના સહયોગ અને મદદથી એક વર્ષ કરતા વધુ સમય સુધી જેલના કેદીઓને રમતની તાલિમ આપ્યા પછી જેલના કેદીઓ માટે દેશની સૌપ્રથમ ઓનલાઈન ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવાનું અમને ગૌરવ છે.

# શ્રી કૃષ્ણ ભગવાનની દ્વારકા નગરીથી ગુજરાત ગૌરવ યાત્રાનો શુભારંભ કરાવતા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા

## ભાજપનાં ટોચનાં નેતાઓ જોડાયા - ભારે જનમેદની ઉમટી : કાળિયા ઠાકરનાં દર્શન તથા શ્રી કૃષ્ણ ભગવાનની નિવાસભૂમિ બેટદ્વારકાનાં દર્શનનો લાભ લેતા ભાજપનાં કેન્દ્રીય આગેવાનો






(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૩

પવિત્ર યાત્રાધામ દ્વારકા ખાતે ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ ગુજરાત ગૌરવ યાત્રાનો શુભારંભ ભગવો લહેરાવીને કરાવેલ. ગુજરાત ગૌરવ યાત્રાનાં પ્રસ્થાન પૂર્વે શહેરનાં એનડીએચ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ જાહેર કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ, રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, મંત્રી જીતુભાઈ વાઘાણી, બ્રિજેશભાઈ મેરાજ, કીરીટસિંહ રાણા, રામભાઈ મોકરીયા, રમેશભાઈ ધડુક, મોહનભાઈ કુંડારીયા, સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય પબુભા માણેક, પાલિકા પ્રમુખ જયોતીબેન સામાણી સહિત ભાજપ સંગઠનનાં જીલ્લા, તાલુકા તથા રાજય કક્ષાનાં નેતાઓ જોડાયા હતા અને અધ્યક્ષનું સન્માન કરેલ તેમજ ભાજપની વણથંભી વિકાસ યાત્રાનું વિસ્તૃ નિરૂપણ કરવામાં આવેલ હતું. ગૌરવ યાત્રાનાં પ્રસ્થાન બાદ જે.પી. નડ્ડા બોટ મારફત શ્રી કૃષ્ણ ભગવાનની નિવાસભૂમિ બેટ દ્વારકા ખાતે દર્શનાર્થે ગયેલ અને બોટીંગનો લ્હાવો લીધેલ હતો. આ પ્રસંગે જે.પી. નડ્ડાએ જણાવેલ કે, ગુજરાતની ધરતી સંતો-મહંતો અનેજનસેવાનાં ભેખધારીઓની છે. નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં વિકાસનાં કાર્યોનો પાયો નાખ્યો હતો અને એ ગુજરાતનું મોડલ સમગ્ર દેશમાં અને આજે સમગ્ર દુનિયામાં વિકાસની દ્રષ્ટિએ ચર્ચાનો વિષય બન્યું છે. સભાનાં સમાપન બાદ કાળિયા ઠાકુરને શિશ ઝુકાવીનો ધન્યતા અનુભવેલ હતી. પ્રાચીન દ્વારકા નગરીનો ઈતિહાસ જાણી અધ્યક્ષ ભાવવિભોર થઈ ગયેલા અનેઅગાઉનાં સમયમાં અંગ્રેજો સાથે બાથ ભીડીનો શૌર્યતા દાખવનાર સુરવીર વાઘેર જ્ઞાતિનાં ખમીરને બીરદાવેલ હતું.

ભાજપની ગુજરાત ગૌરવ યાત્રામાં સમગ્ર ઓખા મંડળ તાલુકામાંથી ભારે જનમેદની ઉમટી પડેલ હતી.

# પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ e-KYC કરેલ લાભાર્થીઓને જ સહાયનો લાભ મળશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૩

પી.એમ. કિસાન સમ્માન નિધિ યોજનાના ૧૨ માં હપ્તાની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે સારા સમાચાર છે. ભારત સરકારશ્રી ટુંક સમયમાં લાભાર્થી ખેડૂતોના ખાતામાં ૧૨ માં હપ્તાના પૈસા મોકલી શકે છે. ૧૨ માં હપ્તાનો લાભ લેનાર લાભાર્થી ખેડૂતોએ **e-KYC** કરાવવું ફરજીયાત છે. **e-KYC** કરેલ લાભાર્થીઓના આધાર સાથે જોડાયેલા એકાઉન્ટમાં જ રૂા. ૨૦૦૦ ટ્રાન્સફર કરવામાં આવશે. તેમ જૂનાગઢ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

# ગીર ગઢડા તાલુકાના ફાટસર ગામે મહિલા ઉપર દીપડાનો હુમલો : સારવાર હેઠળ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૩

ઉનાનાં ગીરગઢડા તુલકાના ફાટસર ગામે દિપડાએ મહિલા ઉપર દીપડાએ હુમલો કર્યો હોવાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવને પગલે વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી દિપડાને પકડવાની કવાયત હાથ ધરી હતી જયારે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડાયા છે. ગીર વિસ્તારમાં આવેલ ફાટસર ગામે દીપડાએ જાગૃતિબેન ગોવિંદભાઈ ગુજરિયા ભાગીયું રાખેલ અશ્વિનભાઈ નાનુંભાઈ જાગાની વાડીમાં કામ કરતા હતા ત્યારે દીપડાએ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. દીપડાના હુમલાનો ભોગ બનનાર લોકોએ બૂમાબૂમ કરતા આજુબાજુના લોકો દોડી આવતાં દીપડો ત્યાંથી નાસી ગયો હતો. આ ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને ખેતરમાં બે પાંજરા મુકી દિપડાને પકડવાની કવાયત હાથ ધરી હતી. જયારે ઈજાગ્રસ્ત મહિલાને ગીરગઢડા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયેલ છે. દિપડાના હુમલાને કારણે આજુબાજુના ગામના લોકોમાં ફફડાટ ફેલાયો છે અને તાત્કાલિક આ હિંસક દિપડાને પકડી પાંજરે પુરાય તેવી લોકો આશા રાખી રહ્યા છે. ત્યારે જશાધાર રેન્જ ફોરેસ્ટ સ્ટાફ આરએફઓ ભરવાડ, જી. સી. ઝાલા , ચાવડા રણજીતભાઈ,



શ્રી પરમાર અને રામભાઈ ગોહિલ ઘટના સ્થળે દોડી ગયા હતા અને હિંમતભાઈ મકાણી પણ સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી સ્ટાફને ખુબજ સારી રીતે મદદ કરી હતી. ઘટના સ્થળે દીપડાને પકડવા બે પિંજરા ગોઠવવામાં આવ્યા છે.

